અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૨૭ સપ્ટેમ્બર ૨૦૨૪, શુક્રવાર
વિક્રમ સંવત ૨૦૮૦, ભાદરવો વદ ૧૦

વર્ષ : ૧૬
અંક : ૮૮

તંત્રી : પટેલ સુરેશ રમણલાલ
અમદાવાદ

કિંમત : રૂા. ૨.૦૦
પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

### અમિત શાહે કોંગ્રેસ અને રાહુલ ગાંધી પર જોરદાર નિશાન સાધ્યું

# કલમ ૩૭૦ પરત લાવવાની હિંમત રાહુલ ગાંધીની ત્રણ પેઢીમાં પણ નથી

**જમ્મુ-કાશ્મીરને ચોક્કસ રાજ્યનો દરજ્જો મળશે, પરંતુ નરેન્દ્ર મોદી આપશે, અમિત શાહે જમ્મુ અને કાશ્મીરના ઉધમપુરમાં એક ચૂંટણી રેલીને સંબોધી**

। (એજન્સી) જમ્મુ, તા.૨૬ ।

ભારતીય જનતા પાર્ટીના વરિષ્ઠ નેતા અને કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે ગુરુવાર ૨૬ સપ્ટેમ્બર ૨૦૨૪ જમ્મુ અને કાશ્મીરના ઉધમપુરમાં એક ચૂંટણી રેલીને સંબોધી હતી. આ દરમિયાન તેમણે કોંગ્રેસ અને રાહુલ ગાંધી પર જોરદાર નિશાન સાધ્યું હતું. તેમણે કહ્યું, રાહુલ બાબા કહે છે કે અમે ૩૭૦ પાછી લાવીશું. હું આ મંચ પરથી કહેવા માંગુ છું કે રાહુલ બાબા તમારા શું, તમારી ત્રણ પેઢીઓ પાસે એટલી તાકાત નથી કે તે ૩૭૦ પાછી લાવી શકે.

અમિત શાહે વધુમાં કહ્યું કે મોદીજીની સરકારમાં ન તો પથ્થરમારો છે કે ન તો આતંકવાદ. રાહુલ બાબાએ ગઈ કાલે કહ્યું હતું કે અમે રાજ્યનો દરજ્જો આપીશું. દેશની સંસદમાં કહેવામાં આવ્યું છે કે ચૂંટણી ૫ છી અમે જમ્મુ-કાશ્મીરને રાજ્યનો દરજ્જો આપીશું. જમ્મુ-કાશ્મીરને ચોક્કસ રાજ્યનો દરજ્જો મળશે, પરંતુ નરેન્દ્ર મોદી આપશે.



ઓમર અબ્દુલ્લા અને રાહુલ બાબા કહે છે કે અમે કાશ્મીરમાં લોકશાહી લાવીશું, આ પરિવારોએ જમ્મુ-કાશ્મીરને ૭૦ વર્ષ સુધી વિભાજિત રાખ્યું. શું અહીં અગાઉ ચૂંટણી યોજાઈ હતી? આપણા નેતા મોદીજીએ આ કામ કર્યું છે. આ લોકોએ પોતાના જ લોકોને ટિકિટ આપીને પોતાના નેતાઓને નેતા બનાવી દીધા છે. અમિત શાહે વધુમાં કહ્યું કે મારું હેલિકોપ્ટર અહીં લેન્ડ થવાનું હતું, પરંતુ લેન્ડ થઈ શક્યું નહીં. હું ઉધમપુર આવ્યો. મેં ડ્રાઈવરને પૂછ્યું કે અહીં પહોંચવામાં ૧ કલાક લાગશે, પરંતુ ડ્રાઈવરે કહ્યું કે રસ્તો સારો હોવાથી ૨૫ મિનિટ લાગશે. આ રોડ બનાવવાનું કામ મોદીજીએ કર્યું છે.

તેણે આગળ પૂછ્યું કે શું અફલ ગુરુને ફાંસી આપવી જોઈતી હતી કે નહીં? જે પણ આતંક ફેલાવશે તેનો જવાબ ફાંસી દ્વારા જ આપવામાં આવશે. શિંદે સાહેબે થોડા દિવસ પહેલા કહ્યું હતું કે હું મંત્રી હતો પણ લાલચોક આવતા ડરતો હતો, પણ આજે શિંદે સાહેબ, બુલેટ પ્રુફ વાહનની પણ જરૂર નથી, તમે તમારા પરિવાર સાથે આવો. અમિત શાહે વધુમાં કહ્યું કે જ્યારે ભાજપની સરકાર આવશે ત્યારે અમે પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજનાનો વાર્ષિક હપ્તો ૬ હજારથી વધારીને ૧૦ હજાર કરીશું. જમ્મુમાં ઈન્ટરનેશનલ એરપોર્ટ બનશે, જમ્મુમાં મેટ્રો આવશે. અમે દર વર્ષે આતંકવાદીઓ દ્વારા નાશ પામેલા ૧૦૦ મંદિરોનો જીર્ણોદ્ધાર કરીશું. અમે અગ્નિવીરોને ૧૦૦% નોકરીઓ આપવા માટે કામ કરીશું

## ઇઝરાયલ સાથે વધતા તણાવ વચ્ચે ભારતીય દૂતાવાસે જાહેર કરી એડવાઇઝરી

। નવી દિલ્હી, તા.૨૬ ।

ઈઝરાયલ અને લેબનાન વચ્ચે યુદ્ધ ભીષણ બની રહ્યું છે જેના કારણે મિડલ ઈસ્ટમાં તણાવ ઝડપથી વધી રહ્યો છે. બેરુતમાં ભારતીય દૂતાવાસે બુધવારે લેબનાનમાં ભારતીય નાગરિકો માટે એક એડવાઈઝરી જાહેર કરીને તેમને તાત્કાલિક દેશ છોડી દેવાની સલાહ આપી છે. બેરૂતમાં ભારતીય દૂતાવાસે ટ્વિટર પર એક પોસ્ટ શેર કરીને કહ્યું કે, 'ક્ષેત્રમાં તણાવને ધ્યાનમાં રાખીને ભારતીય નાગરિકોને સલાહ આપવામાં આવે છે કે તેઓ આગામી સૂચના સુધી લેબનાનની મુસાફરી ન કરે. લેબનાનમાં પહેલાથી જ હાજર તમામ ભારતીય નાગરિકોને પણ લેબનાન છોડવાની સખત સલાહ આપવામાં આવે છે. જેઓ કોઈપણ કારણોસર રોકાયા છે તેમને સલાહ આપવામાં આવે છે કે તેઓ અત્યંત સાવધાની રાખે, તેઓ પોતાની ગતિવિધિઓ સિમિત કરે અને બેરૂતમાં ભારતીય દૂતાવાસના સંપર્કમાં રહવાની સલાહ આપવામાં આવે છેહમાસ અને ઈઝરાયલ વચ્ચેના યુદ્ધને લગભગ એક વર્ષ થઈ ગયું છે અને હવે ઈઝરાયલ હિઝબુલ્લાને નિશાન બનાવી રહ્યું છે. ગયા અઠવાડિયે પેજર હુમલાથી શરૂ થયેલો હુમલો હવે હવાઈ હુમલામાં ફેરવાઈ ગયો છે. માહિતી અનુસાર, ઈઝરાયલના બોમ્બમારાથી લેબનોનમાં અત્યાર સુધીમાં ૫૮૦ થી વધુ લોકોના મોત થયા છે, જેમાં ડઝનેક બાળકો પણ સામેલ છે. લેબનાનના સ્વાસ્થ્ય મંત્રીએ તેને 'નરસંહાર' ગણાવ્યો છે. ઈઝરાયલની સેના લેબનાનમાં હિઝબુલ્લાહના સ્થાનો પર ઘણા મહિનાઓથી હુમલાઓ કરી રહી હતી. પરંતુ ૧૭ સપ્ટેમ્બરે ઈઝરાયલે તેના લોકોને પાછા ફરવા કહ્યું. ત્યારથી એવું લાગતું હતું કે ઈઝરાયલ લેબનાનમાં એક મોટું ઓપરેશન કરવાની તૈયારી કરી રહ્યું છે. ઈઝરાયલે હિઝબુલ્લાહના આતંકીઓ વાતચીત કરવા માટે જે પેજર્સનો ઉપયોગ કરી રહ્યા હતા તેના પર હુમલો કરવામાં આવ્યો હતો. આ હુમલામાં ૯ લોકોના મોત થયા હતા, જ્યારે ૪ હજારથી વધુ લોકો ઘાયલ થયા હતા. બીજા જ દિવસે વોકી-ટોકી, રેડિયો, લેપટોપ અને ઈલેક્ટ્રોનિક ઉપકરણોમાં વિસ્ફોટ થયા જેના પરિણામે ડઝનેક લોકોના મોત થયા હતા. ૧૯ સપ્ટેમ્બરના રોજ ઈઝરાયલી સેનાએ લેબનાનમાં વિવિધ સ્થળોએ હિઝબુલ્લાહના સ્થાનો પર હુમલો કર્યો. ૨૦ સપ્ટેમ્બરે ઈઝરાયલે બેરૂતમાં મોટો હુમલો કર્યો.

## દુષ્કર્મ કેસમાં આગોતરા જામીન રદ્દ થયા બાદ અભિનેતા સિદ્દીકી ફરાર

### પોલીસે અભિનેતા માટે લુકઆઉટ નોટિસ પણ જારી કરી

। (એજન્સી) કેરળ,તા.૨૬ ।

કેરળ હાઈકોર્ટે એક અભિનેત્રી દ્વારા દાખલ કરાયેલા બળાત્કારના કેસમાં મલયાલમ અભિનેતા સિદ્દીકીની આગોતરા જામીન અરજીને ફગાવી દીધાના એક દિવસ પછી રાજ્ય પોલીસે તેને શોધવાના પ્રયાસો તેજ કર્યા છે, કારણ કે તે ભાગી ગયો હોવાની શંકા છે. ગત મંગળવારે ધરપકડ પૂર્વેની જામીન અરજી ફગાવી દેવામાં આવી ત્યારથી ૬૧ વર્ષીય અભિનેતાનો ફોન સ્વીચ ઓફ છે. પોલીસની એક ટીમે કોચી નજીક અલુવામાં સિદ્દીકીના ઘરની મુલાકાત લીધી, પરંતુ તે તાળું તૂટેલું જોવા મળ્યું હતું. એવું માનવામાં આવે છે કે અભિનેતા તેના ઘરે હાજર નથી. પોલીસે અભિનેતા માટે લુકઆઉટ નોટિસ પણ જારી કરી છે, શંકા છે કે તે રાજ્યમાંથી ભાગી ગયો હોઈ શકે છે.



આ નોટિસ કેરળના તમામ જિલ્લા પોલીસ વડાઓને મોકલવામાં આવી છે અને અન્ય રાજ્યોના પોલીસ વડાઓને પણ શેર કરવામાં આવી છે. એક અભિનેત્રીની ફરિયાદના આધારે ૨૭ ઓગસ્ટના રોજ સિદ્દીકી વિરુદ્ધ બળાત્કારના આરોપમાં એફઆઈઆર નોંધવામાં આવી હતી, જેણે આરોપ મૂક્યો હતો કે તેણે તેણીને તેની મૂવીના પ્રીવ્યુમાં હાજરી આપવા માટે હોટલમાં આમંત્રણ આપ્યું હતું અને તેના પર જાતીય હુમલો કર્યો હતો. આ ફરિયાદ ૧૯ ઓગસ્ટના રોજ હેમા કમિટીના અહેવાલના પ્રકાશન પછી આવી હતી, જેમાં મલયાલમ ફિલ્મ ઉદ્યોગમાં મહિલાઓ દ્વારા થતી જાતીય સતામણી અને અન્ય સમસ્યાઓના કિસ્સાઓ પર પ્રકાશ પાડવામાં આવ્યો હતો. બચી ગયેલી અભિનેત્રીએ અભિનેતાના ગુમ થવા અંગે ચિંતા વ્યક્ત કરી છે અને આશંકા વ્યક્ત કરી છે કે રાજ્ય સરકાર દ્વારા હેમા સમિતિના અહેવાલમાં આરોપોની તપાસ કરવા માટે રચવામાં આવેલી વિશેષ તપાસ ટીમ (SIT) તેને રક્ષણ આપી શકે છે. આરોપો બાદ, સિદ્દીકીએ એસોસિયેશન ઓફ મલયાલમ મૂવી આર્ટિસ્ટ્સ (એએમએમએ) ના જનરલ સેક્રેટરી તરીકે રાજીનામું આપ્યું, જે મોલીવુડમાં કલાકારોની સૌથી મોટી સંસ્થા છે.

## નેશનલ હાઈવે ૪૮ પર રાજકોટ LCB ટીમને અકસ્માત નડ્યો

। સુરત, તા.૨૬ ।

ગુજરાતમાં અવારનવાર અકસ્માતની ઘટના બનતી હોય છે. ત્યારે સુરતમાં વધુ એક અકસ્માતની ઘટના બની છે. નેશનલ હાઈવે ૪૮ પર રાજકોટ LCB ટીમને અકસ્માત નડ્યો છે. ટ્રકે ટક્કર મારતા આગળના વાહનમાં રાજકોટ ન્ઝ્મ્ની ખાનગી કાર અથડાઈ ગઈ હતી. ગમખ્વાર અકસ્માતમાં એક પોલીસ કર્મચારીનું મોત નિપજ્યું હતુ. જ્યારે અન્ય લોકો ઈજાગ્રસ્ત થયા હતા. ઈજાગ્રસ્ત અન્ય ત્રણ કર્મી સહિત આરોપી હાલ સારવાર હેઠળ છે.

### પેટ્રોલ-ડીઝલના સસ્તા થવા અંગે આવ્યા મોટા અપડેટ

## પેટ્રોલ-ડીઝલની કિંમતોમાં બે થી ત્રણ રૂપિયા પ્રતિ લિટરનો ઘટાડો થઈ શકે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૬ ।

ભારતમાં તહેવારોની સીઝન શરૂ થઈ ગઈ છે, ત્યારે તે પહેલા લોકોને રાહત મળી શકે છે. રેટિંગ એજન્સી ઈક્રાએ ગુરુવારે કહ્યું કે, હાલ કેટલાક મહિનામાં કાચા તેલની કિંમતોમાં આવેલા ઘટાડાથી પેટ્રોલિયમ કંપનીઓના વાહન બળતણ પર નફામાં સુધાર આવ્યો છે. તેનાથી સાર્વજનિક ક્ષેત્રની કંપનીઓને પેટ્રોલ તથા ડીઝલની કિંમતોમાં બે થી ત્રણ રૂપિયા પ્રતિ લિટરનો ઘટાડો કરવામા આવી શકે છે. એજન્સીના જણાવ્યા અનુસાર, ભારત દ્વારા આયાત કરાતા કાચા તેલની કિંમત સપ્ટેમ્બરમાં અંદાજિત ૭૪ અમેરિકન ડોલર પ્રતિ બેરલ હતી, જે માર્ચમાં ૮૩-૮૪ અમેરિકન ડોલર પ્રતિ બેરલ હતી. પેટ્રોલ




અને ડીઝલની કિંમતોમાં છેલ્લી વાર બે રૂપિયા પ્રતિ લીટરનો ઘટાડો કરવામાં આવ્યો હતો. ઈક્રાએ એક પ્રેસનોટમાં કહ્યું કે, કાચા તેલની કિંમતોમાં ઘટાડાની સાથે હાલના સપ્તાહમાં ભારતીય પેટ્રોલિયમ વિતરણ કંપનીઓ (ઓએમસી) માટે મોટર વાહન બળતણના વેચાણ પર નફામાં સુધાર આવ્યો છે.

### આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ત્રિપાઠી વિરૂદ્ધ FIR

## ધારાસભ્ય અખિલેશ ત્રિપાઠી વિરૂદ્ધ FIR દાખલ કરાઈ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૬ ।

દિલ્હી જળ બોર્ડના એક કર્મચારીએ આમ આદમી પાર્ટીના ધારાસભ્ય અખિલેશ પતિ ત્રિપાઠી વિરુદ્ધ એફઆઈઆર નોંધાવી છે. બુધવારે રાતે મોડલ ટાઉનના ધારાસભ્ય વિરુદ્ધ કથિત રીતે મારામારી કરવાના આરોપ માં આ ફરિયાદ નોંધાઈ છે.

૫૯ વર્ષના સતપાલ સિંહે પોતાની એફઆઈઆરમાં જણાવ્યું છે કે 'હું કલ્યાણ વિહારમાં સુએજ પમ્પિંગ સ્ટેશન પર કામ કરી રહ્યો હતો, ત્યારે ત્રિપાઠી ૨૦-૨૫ લોકોની સાથે આવ્યા અને મને પૂછ્યું કે સુએજનું પાણી નીકળી ગયું છે કે નહીં. મે તેમને કહ્યું કે પમ્પ ચાલુ છે, પરંતુ સુએજ નીકળી ગયું છે કે નહીં, આ મારી જવાબદારી નથી. આ સાંભળતા જ ત્રિપાઠીએ મને થપ્પડ મારી અને પછી જૂતાથી માર્યું, જેના કારણે હું પડી ગયો. તેમની સાથે આવેલા લોકોએ પણ મને મારવાનું શરૂ કરી દીધું.' મારી મદદ માટે કોઈ આગળ આવ્યુ નહીં. પોલીસને કલાકો બાદ માહિતી આપવામાં આવી. રિપોર્ટ અનુસાર ડેપ્યુટી પોલીસ કમિશ્નર જિતેન્દ્ર મીનાએ કહ્યું, 'અમે કેસની તપાસ કરી રહ્યાં છીએ અને યોગ્ય રીતે તપાસ કરી રહ્યાં છીએ.'

### મકાન માલિકનો દીકરો જોતો હતો બધું જ

## યુવતીના બાથરૂમથી લઈને બેડરૂમ સુધી લગાવ્યા હતા સ્પાઈ કેમેરા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૬ ।

દિલ્હી પોલીસે એક વ્યક્તિની ધરપકડ કરી છે. આ શખ્સ પોતાના ઘરમાં રહીને છોકરીની જાસૂસી કરી રહ્યો હતો. આરોપીએ બાથરૂમથી લઈને છોકરીના બેડરૂમ સુધી તમામ જગ્યાએ સ્પાઈ કેમેરા ફીટ કર્યા હતા. પોલીસ અનુસાર ૩૦ વર્ષના આરોપીએ ચોંકાવનારી કબૂલાત કરી છે. પોલીસ અનુસાર છોકરી દિલ્હીમાં રહીને સિવિલ સર્વિસિઝની તૈયારી કરી રહી છે. તે મૂળ યુપીની રહેવાસી છે. આરોપીનું નામ કરણ છે, જે મકાન માલિકનો દીકરો છે. આરોપી બિલ્ડીંગના બીજા માળે રહે છે. આરોપી છોકરીને જોવા માટે બાથરૂમથી લઈને બેડરૂમ સુધી સ્પાઈ કેમેરા ફીટ કરીને રાખ્યા હતા. કેટલાક સમયથી પીડિતાના પોતાના WhatsApp પર સમસ્યા આવી રહી હતી. તેથી તેણે એક એક્સપર્ટને આ વિશે જાણ કરી. ત્યારે ખબર પડી કે WhatsApp એકાઉન્ટમાં અન્ય કોઈ વ્યક્તિએ પણ લોગિન કર્યું છે. ત્યાર બાદ પીડિતાએ લોગ આઉટ કરીને પોતાના ફ્લેટમાં તપાસ કરી હતી. પીડિતાને બાથરૂમમાં બલ્બના હોલ્ડરમાં સ્પાઈ કેમેરો દેખાયો. ત્યાર બાદ તેણે ફોન કરીને દિલ્હી પોલીસને ઘટના સ્થળે બોલાવી હતી.

### ઉત્તર પ્રદેશ અને હરિયાણાની સંપત્તિ જપ્ત

## એલ્વિશ યાદવ-ફાઝિલપુરિયા સામે EDની મોટી કાર્યવાહી

। (એજન્સી) નવી દિલ્હી,તા.૨૬ ।

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) એ યુટ્યુબર એલ્વિશ યાદવ અને ગાયક ફાઝિલપુરિયા સામે મોટી કાર્યવાહી કરી છે. EDએ એલ્વિશ યાદવ અને સિંગર ફાઝિલપુરિયાની સંપત્તિ જપ્ત કરી છે. તપાસ એજન્સીએ યુપી-હરિયાણામાં આ પ્રોપર્ટી જપ્ત કરી છે. ED પહેલાથી જ એલ્વિશ યાદવ અને સિંગર ફાઝિલ પુરિયાના નિવેદનો રેકોર્ડ કરી ચૂકી છે અને બંનેની લાંબા સમય સુધી પૂછપરછ પણ કરી ચૂકી છે. એલ્વિશ યાદવની નોઈડા પોલીસે કોબ્રા કૌભાંડ (સાપના ઝેરની ખરીદી અને વેચાણ)માં ધરપકડ કરી હતી. આ પછી EDએ મની લોન્ડરિંગનો કેસ નોંધ્યો હતો. EDએ આ મામલામાં ફાઝીલ પુરિયાની પૂછપરછ કરી હતી. કોબ્રાની ઘટનામાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે ગાયક ફાઝિલપુરિયાની તેમના એક ગીતમાં સાપના ગેરકાયદે ઉપયોગ અંગે ૭ કલાકથી વધુ સમય સુધી પૂછપરછ કરી હતી. ગત વર્ષે ૩ નવેમ્બરના રોજ નોઈડાના બેન્કવેટ હોલમાંથી કેટલાક સાપ ચાર્મર્સની ધરપકડ કરવામાં આવી હતી.



### કંપની પર રૂ. ૧૫ હજાર કરોડનું દેવું છતાં કેમ માત્ર BCCIના જ બાકી લેણાંની ચૂકવણી : સુપ્રીમ કોર્ટ

# સુપ્રીમ કોર્ટે દેવાના બોજા હેઠળ દબાયેલી એજ્યુટેક કંપનીની ઝાટકણી કાઢી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૬ ।

સુપ્રીમ કોર્ટે દેવાના બોજા હેઠળ દબાયેલી એજ્યુટેક કંપની બાયજૂસની બીસીસીઆઈ સેટલમેન્ટ મુદ્દે આકરી ઝાટકણી કરી હતી કે, 'કંપની પર રૂ. ૧૫ હજાર કરોડનું દેવું છે, તેમ છતાં તે કેમ માત્ર બીસીસીઆઈના જ બાકી લેણાં ચૂકવી રહી છે.' વધુમાં સુપ્રીમ કોર્ટે એનસીએલએટીને પણ ખખડાવતાં કહ્યું હતું કે, 'ઈન્સોલવન્સી અપિલેટ ટ્રિબ્યુનલ પાસે પણ મગજ નથી, તેણે આ કંપની વિરૂદ્ધ કેમ નાદારીની પ્રક્રિયા બંધ કરી દીધી.' ઉલ્લેખનીય છે, NCLT એ બાયજૂસને BCCI ની રૂ. ૧૫૮.૯ કરોડની બાકી ચૂકવવા માટે સેટલમેન્ટ કરવા મંજૂરી આપતાં નાદારીની કાર્યવાહી બંધ કરી હતી. ચીફ જસ્ટિસ ચંદ્રચૂડ સમક્ષ બીસીસીઆઈ સાથે સેટલમેન્ટની મંજૂરી પર રોક ન લાગે તે માટે સોલિસિટર જનરલ તુષાર મહેતાએ આકરી દલીલો કરી હતી. તેઓ આ કેસમાં બીસીસીઆઈ વતી દલીલ કરી રહ્યા હતા. પરંતુ સુપ્રીમ કોર્ટે એનસીએલટીના ચુકાદાને ખોટો ઠેરવતાં આ કેસ પેન્ડિંગ રાખ્યો છે. એનસીએલએટીએ બીજી ઓગસ્ટે બાયજૂસને બીસીસીઆઈના બાકી રૂ. ૧૫૮.૯ કરોડ લેણાં ચૂકવવા મુદ્દે સેટલમેન્ટ



કરવાની મંજૂરી આપતાં નાદારીની કાર્યવાહી બંધ કરી હતી. તેમજ તેના ફાઉન્ડર બાયજૂ રવિન્દ્રનને કંપનીના અધિકારો પાછા સોંપ્યા હતા. જેનો અન્ય લેણદારો ગ્લાસ ટ્રસ્ટ કંપનીએ વિરોધ કરતાં સુપ્રીમ કોર્ટે ૧૪ ઓગસ્ટના રોજ ફરી પાછો સ્ટે લાદ્યો હતો. અને બીસીસીઆઈને સેટલમેન્ટ પેટે મળેલી રકમને અલગ બેંક એકાઉન્ટમાં જમા રાખવા નિર્દેશ કર્યો હતો. સુપ્રીમ કોર્ટે બુધવારે આ કેસ પર સુનાવણી શરૂ કરી હતી. જે આજે પણ ચાલી રહી છે. કંપનીના માથે રૂ. ૧૫ હજાર કરોડનું દેવું છે. બાકી દેવાંની રકમ આટલી મોટી હોવા છતાં કંપનીના એક લેણદાર (બીસીસીઆઈ)ની નજીવી બાકી એક પ્રમોટર ચૂકવી આપતા હોવાના સેટલમેન્ટથી નાદારીની કાર્યવાહી બંધ ન કરી શકાય. ચીફ જસ્ટિસની બેન્ચમાં સામેલ જસ્ટિસ જેબી પારડીવાલા અને જજ મનોજ મિશ્રાએ આ કેસ પાછો અપિલેટ ટ્રિબ્યૂનલને સોંપવા સંકેત આપ્યો હતો. બેન્ચે કહ્યું હતું કે, તમે તમારી અંગત અસ્ક્યામતોમાંથી માત્ર બીસીસીઆઈને જ કેમ બાકી ચૂકવવા માગો છો...અને એનસીએલએટીએ પણ પોતાનું મગજ વાપર્યા વિના જ મંજૂરી આપી દીધી. ઉલ્લેખનીય છે, બીસીસીઆઈ નફો કરતી સંસ્થા છે. તે દરવર્ષે રૂ. ૬૫૦૦ કરોડની આવક અને લગભગ ૧૨૦૦ કરોડનો નફો કરે છે પણ આવકવેરાની દ્રષ્ટિએ નોટ ફોર પ્રોફિટ હોવાથી ટેકસ ભરવામાં મુક્તિ મળેલી છે.

**ન્યૂઝ બ્રિફ**

## શેરબજાર રેકોર્ડ ઉંચાઈ પર બંધ, સેન્સેક્સમાં ૬૬૬ પોઈન્ટનો ઉછાળો

। (એજન્સી) મુંબઈ, તા.૨૬ ।

કારોબારી સપ્તાહના ચોથા દિવસે શેરબજાર રેકોર્ડ ઊંચાઈ પર બંધ થયું હતું. BSE પર સેન્સેક્સ ૫૫૮ પોઈન્ટના ઉછાળા સાથે ૮૫,૭૨૮.૦૯ પર બંધ રહ્યો હતો,તો NSE પર નિફ્ટી ૦.૬૮ ટકાના વધારા સાથે ૨૬,૧૮૨.૨૦ પર બંધ થયો. ૨૬ સપ્ટેમ્બરે, ભારતીય બેન્ચમાર્ક સૂચકાંકો મજબૂત નોંધ પર બંધ થયા અને નિફ્ટીએ પ્રથમ વખત ૨૬,૨૦૦ની સપાટી વટાવી. આજના ટ્રેડિંગ દરમિયાન, મારુતિ સુઝુકી, ટાટા મોટર્સ, ટાટા સ્ટીલ, હિન્દાલ્કો ઈન્ડસ્ટ્રીઝ, નેસ્લે નિફ્ટી પર ટોપ ગેનર્સની યાદીમાં સામેલ હતા, જ્યારે ONGC, સિપ્લા, ડિવિસ લેબ્સ, હીરો મોટોકોર્પ, પાવર ગ્રીડ કોર્પ ટોપ લુઝર્સની યાદીમાં સામેલ હતા. સેક્ટરમાં મેટલ, ઑટો ૧-૧ ટકા વધ્યા હતા, જ્યારે FMCG, PSU બેંક અને IT ૦.૫-૦.૫ ટકા વધ્યા હતા. જો કે રિયલ્ટી, ફાર્મા, પાવર, કેપિટલ ગુડ્સ, ઓઈલ એન્ડ ગેસ ૦.૫-૦.૫ ટકા ઘટ્યા છે.

## ૧૦૦ કરોડની માનહાનિના કેસમાં સંજય દોષી જાહેર!

। (એજન્સી) મુંબઈ,તા.૨૬ ।

ઉદ્ધવ ઠાકરે જૂથના નેતા સંજય રાઉતને ભાજપના નેતાની પત્ની દ્વારા દાખલ કરવામાં આવેલા માનહાનિના કેસમાં દોષી ઠેરવવામાં આવ્યા છે. ભારતીય જનતા પાર્ટીના નેતા કિરીટ સોમૈયાના પત્ની ડૉ. મેધાએ સંજય રાઉત વિરુદ્ધ માનહાનિનો કેસ દાખલ કર્યો હતો. આ કેસમાં આજે ગુરુવારે મઝગાંવ કોર્ટે સંજય રાઉતને માનહાનિના દાવામાં દોષી ઠેરવ્યા છે. ઉદ્ધવ ઠાકરે જૂથના નેતા સંજય રાઉતે આરોપ લગાવ્યો હતો કે, સોમૈયા દંપતી શૌચાલય બનાવવા માટેના ભંડોળનો દુરુપયોગ કરીને ૧૦૦ કરોડ રૂપિયાના કૌભાંડમાં સામેલ હતા. આ પછી ડૉ. મેધા કિરીટ સોમૈયાએ સંજય રાઉતને માફી માંગવા કહ્યું હતું અને આવું ન કરતાં તેમણે ૧૦૦ કરોડ રૂપિયાની માનહાનિનો કેસ દાખલ કર્યો હતો. માનહાનિના આ કેસમાં સંજય રાઉતને દોષી ઠેરવવામાં આવ્યા છે. મઝગાંવની મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટ ૨૫મી અદાલતે ડૉ. મેધા કિરીટ સોમૈયાની ફરિયાદ પર સુનાવણી કર્યા બાદ આ ચુકાદો આપ્યો છે.

### વાંધાજનક નારા પણ લખાયા

# અમેરિકામાં એક મહિનામાં બીજી વખત મંદિરમાં તોડફોડ

### હિન્દુ અમેરિકન ફાઉન્ડેશને હિન્દુ મંદિરને નિશાન બનાવતા અપ્રિય ગુનાનો મુદ્દો ઉઠાવવા બદલ બેરીનો આભાર માન્યો

। (એજન્સી) કેલિફોર્નિયા,તા.૨૬ ।

અમેરિકામાં BAPS સ્વામિનારાયણ મંદિરને સતત નિશાન બનાવવામાં આવી રહ્યું છે. છેલ્લા કેટલાક દિવસોમાં ઘણા હિન્દુ મંદિરો પર હુમલા થયા છે. ન્યૂયોર્કની ઘટનાને ૧૦ દિવસ પણ વિત્યા નથી, ત્યાં હવે કેલિફોર્નિયાના સેક્રામેન્ટોમાં સ્થિત BAPS સ્વામિનારાયણ મંદિરને નિશાન બનાવવામાં આવ્યું છે. મંદિરની બહારના બોર્ડ પર હિન્દુ વિરોધી ટીપ્પણીઓ લખવામાં આવી છે. સેક્રામેન્ટો કાઉન્ટીના પોલીસ અધિકારીઓ 'હેટ ક્રાઈમ'ની તપાસ કરી રહ્યા છે. રેન્ચો કોર્ડોવા વિસ્તારમાં આર્મસ્ટ્રોંગ એવન્યુ પર BAPS સ્વામિનારાયણ મંદિર આવેલું છે, જે સેક્રામેન્ટો માથેર એરપોર્ટની ઉત્તરે સ્થિત છે. મંદિરની બહાર બોર્ડ પર 'હિન્દુ ગો બેક' લખેલું હતું. પાર્કિંગની સામેના સાઈન બોર્ડ પર ભારત સરકારનો ઉલ્લેખ કરતી કોમેન્ટ લખવામાં આવી હતી. અધિકારીઓએ જણાવ્યું કે,




હુમલાખોરોએ મંદિર સાથે જોડાયેલી પાણીની લાઈન પણ કાપી નાખી. આ હુમલા એવા સમયે થઈ રહ્યા છે જ્યારે પીએમ મોદી તાજેતરમાં અમેરિકાની મુલાકાતે ગયા હતા. અમેરિકા અને કેનેડામાં હિન્દુ મંદિરો પર આ પ્રકારના હુમલા આ પહેલા ખાલિસ્તાન સમર્થકો દ્વારા કરવામાં આવ્યા છે. એસ. હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સમાં CA 06 અને સેક્રામેન્ટો કાઉન્ટીનું પ્રતિનિધિત્વ કરતા અમી બેરાએ X પર કહ્યું કે, 'સેક્રામેન્ટો કાઉન્ટીમાં ધાર્મિક કટ્ટરતા અને નફરત માટે કોઈ સ્થાન નથી. હું અમારા સમુદાયમાં બર્બરતાના આ નિર્લજ્જ કૃત્યની સખત નિંદા કરું છું. આપણે બધાએ અસહિષ્ણુતા સામે ઊભા રહેવું જોઈએ અને એ સુનિશ્ચિત કરવું જોઈએ કે આપણા સમુદાયમાં દરેક વ્યક્તિ, ધર્મને ધ્યાનમાં લીધા વિના, સુરક્ષિત અને સન્માનિત અનુભવે.' માનવીય ગૌરવ, પરસ્પર આદર અને બહુલવાદને પ્રોત્સાહન દેનાર હિન્દુ અમેરિકન ફાઉન્ડેશને હિન્દુ મંદિરને નિશાન બનાવતા અપ્રિય ગુનાનો મુદ્દો ઉઠાવવા બદલ બેરીનો આભાર માન્યો હતો. હિન્દુ અમેરિકન ફાઉન્ડેશને ટ્વિટર પર કહ્યું કે, 'આભાર બેરા. આ તોડફોડ એ હિન્દુ વિરોધી નફરતનો ગુનો છે, જે હિન્દુ મંદિરને નિશાન બનાવીને હિન્દુઓને ભારત સરકાર સાથે સાંકળતો સંદેશ મોકલે છે અને હિન્દુઓને ઘરે જવાનું કહે છે.' આ પહેલા આ વર્ષે ૧૭ સપ્ટેમ્બરે ન્યૂયોર્કમાં BAPS સ્વામિનારાયણ મંદિરમાં તોડફોડની ઘટના બની હતી. ન્યૂયોર્કમાં ભારતના કોન્સ્યુલેટ જનરલે પણ BAPS સ્વામિનારાયણ મંદિરની તોડફોડની નિંદા કરી હતી અને તેને અસ્વીકાર્ય ગણાવી હતી. ન્યૂયોર્કમાં BAPS સ્વામિનારાયણ મંદિરના અનાદરની નિંદા કરી હતી.

### યોગીના ગઢમાં ભાજપનું ટેન્શન વધારશે ચિરાગ પાસવાન

# ૧૦ બેઠકો પર યોજાનારી પેટા ચૂંટણી લડવાની તૈયારી કરી

### NDA સાથે અમારું ગઠબંધન માત્ર બિહાર ચૂંટણી અને લોકસભા ચૂંટણી માટે જ છે : ચિરાગ પાસવાન

। (એજન્સી) પટણા, તા.૨૬ ।

બિહારની લોક જનશક્તિ પાર્ટી આગામી દિવસોમાં ઉત્તર પ્રદેશમાં ૧૦ બેઠકો પર યોજાનારી પેટા ચૂંટણી લડવાની તૈયારી કરી રહી છે. તેના ભાગરૂપે કેન્દ્રીય મંત્રી ચિરાગ પાસવાન આજે ઉત્તર પ્રદેશની મુલાકાતે છે. તેમણે કૌશાંબી જિલ્લામાં રેલીને સંબોધિત કરી રહ્યા છે. આ દરમિયાન તેઓ દલિત વર્ગની સાથે બીજા મતદારોને સાથે લાવવાનો પ્રયાસ કરશે. લોક જનશક્તિ પાર્ટીના ચિહ્ન પર જમુઈ બેઠકના સાંસદ અરુણ ભારતીએ ચિરાગ પાસવાનની મુલાકાત અંગે જણાવ્યું કે 'NDA સાથે અમારું ગઠબંધન માત્ર બિહાર ચૂંટણી અને લોકસભા ચૂંટણી માટે જ છે.' અન્ય રાજ્યોમાં NDA સાથે અમારી કોઈ સમજૂતી નથી અને હવે અમારું સંગઠન અહીં વિસ્તરી રહ્યું છે. કેટલાક લોકો ઉત્તર પ્રદેશમાં ચૂંટણી લડવા માંગે છે, જેના માટે અમે તૈયારી કરી રહ્યા છીએ. તેમણે કહ્યું કે, જે લોકો બંધારણ અને અનામતને જોખમમાં બતાવવાનો દાવો કરે છે તેને ચિરાગ પાસવાન જડબાતોડ જવાબ આપવા માટે સક્ષમ છે. લોક જનશક્તિ પાર્ટીના ઉત્તર પ્રદેશમાં ચૂંટણી લડવાથી NDA પર તેની અસર પડવા અંગે યુપી સરકારમાં મંત્રી અને NDAના સહયોગી સુહેલદેવ ભારતીય સમાજ પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ



ઓમપ્રકાશ રાજભરે કહ્યું કે, તેની NDA પર કોઈ અસર નહીં પડે. મંત્રી ઓપી રાજભરે કહ્યું કે, યુપીમાં લોજપાનું કોઈ સંગઠન નથી. તે પાર્ટી માત્ર બિહારમાં જ તેનું સંગઠન અને આંદોલન ચલાવી રહી છે તેનું ન તો સંગઠન છે કે ન તો અહીં તેનો જનાધાર છે. ઓમપ્રકાશ રાજભરે કહ્યું કે જે દલિત સમુદાયની એલજેપી વાત કરે છે તેમાં મોટા નેતા તરીકે માયાવતી પહેલાથી જ છે. દલિતોમાં બાકીની જે જાતિઓ છે તે જાતિઓમાંથી કેટલીક ભાજપ, કેટલીક સપા, કેટલીક બસપા અને કેટલીક કોંગ્રેસ સાથે અલગ-અલગ વહેંચાયેલી છે. જે કમ્યુનિટીની વાત લોજપા કરે છે એ જ કમ્યુનિટીના લોકો ભાજપ અને સપામાં ધારાસભ્ય અને સાંસદ પણ છે, તો હવે આ જાતિ યુપીમાં ભાજપ અને સપાને છોડીને લોજપાનું સમર્થન નહીં કરશે.

### ટ્રાયલ કોર્ટના જજ સામે તપાસનો આદેશ

# રેપ કેસમાં ડીએનએ રિપોર્ટ જોયા વગર જ સજા અપાઈ

### આ મામલો સગીર સાથે બળાત્કાર સાથે જોડાયેલો

। (એજન્સી) ભોપાલ,તા.૨૬ ।

મધ્યપ્રદેશ હાઈકોર્ટે એક અભૂતપૂર્વ કેસમાં ટ્રાયલ કોર્ટના જજ સામે તપાસનો આદેશ આપ્યો છે. એવું પણ કહેવામાં આવ્યું છે કે ન્યાયાધીશે તેમની ફરજ યોગ્ય રીતે નિભાવી નથી અને તેમના દ્વારા મહત્વપૂર્ણ બાબતોનું ધ્યાન રાખવામાં આવ્યું નથી. વાસ્તવમાં આ મામલો સગીર સાથે બળાત્કાર સાથે જોડાયેલો છે. તે કેસમાં આરોપી આદિવાસી છે અને એવો આરોપ છે કે ન્યાયાધીશે ડીએનએ રિપોર્ટની અવગણના કરી હતી. આ જ ભૂલ પર એમપી હાઈકોર્ટે નારાજગી વ્યક્ત કરી છે. ગત ૨૧ સપ્ટેમ્બરના રોજ તેમના ચુકાદામાં જસ્ટિસ વિવેક અગ્રવાલ અને દેવનારાયણ મિશ્રાએ કહ્યું હતું કે સ્પેશિયલ પોસ્કો જજ વિવેક સિંહ રઘુવંશી અને મદદનીશ ડિસ્ટ્રિક્ટ પ્રોસિક્યુશન ઓફિસર બીકે વર્માએ તેમની ફરજ નિભાવતી વખતે બેદરકારી દાખવી હતી. જેમ કે ૧૪ વર્ષની સગીરા સાથેના બળાત્કારના કેસમાં જે ચુકાદો આપ્યો તે યોગ્ય નથી. હાઈકોર્ટે ભારપૂર્વક જણાવ્યું હતું કે બીકે વર્મા વિરુદ્ધ તપાસ હાથ ધરવામાં આવશે કારણ કે તેણે ટ્રાયલ યોગ્ય રીતે ચલાવી ન હતી. ડીએનએ રિપોર્ટને પણ અવગણવામાં આવ્યો હતો. આના ઉપર જજ વિશે કહેવામાં આવ્યું હતું કે તેમણે કલમ ૩૧૩ હેઠળ આરોપીનું નિવેદન નોંધવું જોઈતું હતું. આને મોટી ભૂલ માનવામાં આવી રહી છે.

### જૂના વિવાદને લઈને બબાલ થઈ હોવાનું બહાર આવ્યું

# મધ્યપ્રદેશના શાજાપુર જિલ્લાના મક્સીમાં બે જૂથ વચ્ચે પથ્થર મારા બાદ ફાયરિંગ

### પથ્થર મારાની ઘટનામાં એક વ્યક્તિનું મોત અને સાતથી વધુ ઇજાગ્રસ્ત

। (એજન્સી) ભોપાલ, તા.૨૬ ।

મધ્યપ્રદેશના શાજાપુર જિલ્લાના મક્સીમાં બુધવારે મોડી બે જૂથો વચ્ચે મોટી બબાલ થઈ ગઈ હતી. અહીં બે જૂથો વચ્ચે વિવાદ ખૂબ વધી ગયો અને પછી વાત પથ્થરમારા અને ફાયરિંગ સુધી પહોંચી ગઈ. આ વિવાદમાં એક વ્યક્તિનું મોત થઈ ગયું છે અને સાતથી વધુ લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે. આ બબાલ બાદ આખા ગામમાં પોલીસ ફોર્સ તેહનાત કરવામાં આવી છે અને કલમ ૧૪૪ લાગુ કરી દેવાઈ છે. હકીકતમાં બે દિવસ પહેલા મક્સીમાં મુસ્લિમ સમુદાયના એક યુવક સાથે મારપીટ થઈ હતી. ત્યારબાદ બુધવારે રાત્રે જૂના વિવાદને લઈને બંને જૂથો ભડકી ગયા હતા અને સામસામે



આવી ગયા હતા. આ દરમિયાન બંને જૂથો વચ્ચે પથ્થરમારો થયો હતો. બબાલ દરમિયાન ભીડમાંથી જ કોઈકે ફાયરિંગ કર્યું હતું જેમાં કેટલાક યુવકો ઘાયલ થઈ ગયા છે. ઘટનાની સૂચના મળતા ઘટના સ્થળ પર પહોંચેલી મક્સી પોલીસ પર જ ભીડે પથ્થરમારો કરી દીધો હતો. ત્યારબાદ મોટી સંખ્યામાં પોલીસ ફોર્સ બોલાવવામાં આવી હતી અને પરિસ્થિતિને કાબૂમાં લેવામાં આવી હતી. વિવાદ વધુ ના વધે તેને ધ્યાનમાં રાખી સમગ્ર મક્સીમાં કલમ ૧૪૪ લાગુ કરી દેવામાં આવી છે અને ખૂણે-ખૂણે પોલીસ તેહનાત કરી દેવામાં આવી છે. હવે લોકોને એક જગ્યા પર એકઠા થવા પર પણ પ્રતિબંધ છે. આ વચ્ચે પોલીસ સોશિયલ મીડિયા પર ભડકાઉ મેસેજ પર પણ નજર રાખી રહી છે. આ બબાલમાં જે ઘાયલોને હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા તેમાંથી એક યુવકને ડોક્ટરે મૃત જાહેર કર્યો છે. ડોક્ટર દ્વારા જણાવવામાં આવ્યું કે સાત લોકો ઘાયલ થયા છે. જેમની સારવાર ચાલી રહી છે. બીજી તરફ એક પોલીસ અધિકારીએ જણાવ્યું કે શાજાપુરના મક્સીમાં બે જૂથો વચ્ચે વિવાદ થઈ ગયો હતો. ફાયરિંગની ઘટના સામે આવી છે. કેટલાક લોકો ઘાયલ થયા છે. સ્થળ પર પોલીસ ફોર્સ તેહનાત છે.

## કંગનાની ઈમરજન્સી ફિલ્મને સેન્સર બોર્ડની મંજૂર મળી

। (એજન્સી) મુંબઈ,તા.૨૬ ।

કંગના રનૌતની બહુચર્ચિત ફિલ્મ ઈમરજન્સીની રિલીઝ પર પ્રતિબંધને લઈને ગુરુવારે બોમ્બે હાઈકોર્ટમાં ફરી સુનાવણી હાથ ધરવામાં આવી હતી. આ દરમિયાન સેન્ટ્રલ બોર્ડ ઓફ ફિલ્મ સર્ટિફિકેશન (CBFC) એ કહ્યું કે કંગના રનૌતની આ ફિલ્મ રિલીઝ થઈ શકે છે. આ પહેલા ફિલ્મમાં કેટલાક કટ કરવા પડશે, જેનું સૂચન સેન્સર બોર્ડની સમીક્ષા સમિતિએ કર્યું હતું. જસ્ટિસ બીપી કોલાબાવાલા અને જસ્ટિસ ફિરદૌસ પોનીવાલાની બેન્ચ સામે બોર્ડે આ વાત કહી હતી. આ અંગે ફિલ્મ નિર્માતા કંપની ઝી સ્ટુડિયોનું કહેવું છે કે તે સોમવાર સુધીમાં આ મામલે વિચાર કરશે. ઝીએ કહ્યું કે ક્યાં કટ કરી શકાય તેની માહિતી મેળવીશું. હવે કોર્ટ આવતા અઠવાડિયે આ કેસની સુનાવણી કરશે. ઝી સ્ટુડિયોએ પોતે કોર્ટમાં અરજી દાખલ કરી હતી અને સેન્સર બોર્ડ દ્વારા તેને પ્રમાણપત્ર જારી કરવાનો આદેશ આપવા માંગણી કરી હતી. આ ફિલ્મને લઈને એવો આક્ષેપ કરવામાં આવ્યો હતો કે શીખ સમુદાયને ખોટી રીતે બતાવવામાં આવ્યો છે. આ પછી જ્યારે વિવાદ વધ્યો તો સેન્સર બોર્ડે રિલીઝને રોકી દીધી હતી. ઝી સ્ટુડિયોએ કોર્ટમાં કહ્યું હતું કે અમે ૨૯ ઓગસ્ટે જ ફિલ્મ સર્ટિફિકેશન બોર્ડ સમક્ષ અમારી અરજી રજૂ કરી હતી. પરંતુ હજુ સુધી અમને બોર્ડ તરફથી સેન્સર સર્ટિફિકેટ મળ્યું નથી. અગાઉ, કોર્ટે કહ્યું હતું કે, અમે ૪ સપ્ટેમ્બરે સેન્ટ્રલ બોર્ડ ઑફ ફિલ્મ સર્ટિફિકેશનને જબલપુર શીખ સંગત અને અન્ય પક્ષોના વાંધાઓ પર વિચાર કરવા અને પછી પ્રમાણપત્ર આપવાનું કહ્યું હતું. આ પછી પણ હજુ સુધી કોઈ નિર્ણય લેવામાં આવ્યો નથી. આ પછી, કોર્ટે બોર્ડને ૨૫ સપ્ટેમ્બર સુધીમાં નિર્ણય લેવાનું કહ્યું હતું, પરંતુ તે પછી પણ મામલો સ્થગિત થતો રહ્યો હતો. હવે રિલીઝને લઈને બોર્ડે કોર્ટમાં કહ્યું છે કે સૂચિત કટ પછી ફિલ્મ થિયેટરોમાં રિલીઝ થઈ શકે છે. આ ફિલ્મમાં કંગના રનૌતે પૂર્વ પીએમ ઈન્દિરા ગાંધીની ભૂમિકા ભજવી છે.

### કેજરીવાલે કહ્યું કે દિલ્હીને સ્થિર કરીને ભાજપ ખુશ છે, ભાજપે દિલ્હીના બે કરોડ લોકોનું જીવન બગાડ્યું છે

# વડાપ્રધાન મોદી શક્તિશાળી છે પરંતુ ભગવાન નથી



। (એજન્સી) નવી દિલ્હી,તા.૨૬ ।

પૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે દિલ્હી વિધાનસભામાં ગૃહને સંબોધિત કર્યું. ભાજપ પર નિશાન સાધતા કેજરીવાલે કહ્યું કે મને અને સિસોદિયાને જેલમાંથી બહાર જોઈને વિપક્ષ દુખી છે. પીએમ મોદી શક્તિશાળી છે પરંતુ તેઓ ભગવાન નથી બની શકતા. પૂર્વ સીએમ કેજરીવાલે કહ્યું કે દિલ્હીને સ્થિર કરીને ભાજપ ખુશ છે. ભાજપે દિલ્હીના બે કરોડ લોકોનું જીવન બગાડ્યું છે. કેજરીવાલે ભાજપને કહ્યું કે અમે ૫૦૦ મોહલ્લા ક્લિનિક બનાવ્યા છે, તો તમે ૫ હજાર બનાવો. તમને કોણે રોક્યા છે? કેજરીવાલે કહ્યું કે જે કામ ભાજપે બંધ કરી દીધું છે તે હું ફરી શરૂ કરીશ. હું દિલ્હીના લોકોને પરેશાન નહીં થવા દઉં. રાવણનું અભિમાન પણ ટકી શક્યું નહીં. દિલ્હીની જનતા ચૂંટણીમાં ભાજપને જડબાતોડ જવાબ આપશે. ભાજપના લોકોએ અમારા પક્ષના વરિષ્ઠ નેતાઓને ખોટા કેસ કરીને જેલમાં ધકેલી દીધા છે. ભાજપે મને બેઈમાન સાબિત કરવામાં કોઈ કસર છોડી નથી. અરવિંદ કેજરીવાલે કહ્યું કે હું જેલમાં ગયા પછી દિલ્હીના રસ્તાઓનું સમારકામ થયું નથી. આજે અમે જનતાને વચન આપ્યું છે કે રસ્તાઓનું સમારકામ કરવામાં આવશે. પીએમ મોદી પર નિશાન સાધતા કેજરીવાલે કહ્યું કે ૭૫ વર્ષ પૂરા થવા પર ભાજપે લાલ કૃષ્ણ અડવાણી, મુરલી મનોહર જોશી સહિત અનેક નેતાઓને ઘરે બેસાડી દીધા. નરેન્દ્ર મોદીને આ નિયમ કેમ લાગુ પડતો નથી? દિલ્હી વિધાનસભા સત્ર દરમિયાન અરવિંદ કેજરીવાલે કહ્યું કે દિલ્હીના લોકોના મનમાં બે વસ્તુઓ છે. પ્રથમ, કેજરીવાલ કટ્ટર પ્રમાણિક છે અને બીજું, કેજરીવાલ જનતા માટે કામ કરે છે. મારી સામે બનાવટી કેસ દાખલ કરવામાં આવ્યો હતો. બધાને જેલમાં ધકેલી દેવામાં આવ્યા. અમારી પાર્ટીના ૫ મોટા નેતાઓને જેલમાં ધકેલી દીધા પછી પણ અમારી પાર્ટી મજબૂત છે. કેજરીવાલે કહ્યું કે હું ૩-૪ દિવસ પહેલા ભાજપના એક મોટા નેતાને મળ્યો હતો. મેં તેને પૂછ્યું કે મારી ધરપકડ કરીને તમને શું મળ્યું? કહ્યું કે તમારા કારણે અમે આખું દિલ્હી સ્થગિત કરી દીધું છે. મને આઘાત લાગ્યો કે તેઓ દેશની રાજધાનીના ૨ કરોડ લોકોની જિંદગી બગાડીને ખુશ છે. તેમનો ઉદ્દેશ્ય આમ આદમી પાર્ટીની સરકારને બદનામ કરવાનો હતો જેથી તેઓ મત મેળવી શકે. ભાજપ ૨૭ વર્ષથી દિલ્હીમાં વનવાસ ભોગવી રહ્યો છે. હવે તેઓ દિલ્હીની જનતાને હેરાન કરીને વોટ મેળવવા માંગે છે. તમારી પાસે કેન્દ્ર સરકાર છે. કેન્દ્ર સરકાર પાસે પુષ્કળ નાણાં છે. કેજરીવાલ ૫૦૦ મોહલ્લા ક્લિનિક્સ બનાવે છે તમારે દિલ્હીમાં ૫૦૦૦ મોહલ્લા ક્લિનિક્સ બનાવવા જોઈએ. તમને કોણ રોકે છે? જનતા બહુ સમજદાર છે. જનતા જુએ છે અને મૌન રહે છે. વોટિંગના દિવસે જ્યારે તે બટન દબાવવા જાય છે ત્યારે તે પોતાનો ગુસ્સો વ્યક્ત કરે છે.

## તંત્રી લેખ...

# યોગી સરકારના દિશા-નિર્દેશ બિલકુલ યોગ્ય અને જરૂરી છે

ઉત્તર પ્રદેશ સરકારે ખાન-પાનની શુદ્ધતા માટે અને વધતી ભેળસેળ અને છેતરપિંડીને નિયંત્રિત કરવાના ઈરાદે આ કારોબાર સાથે જોડાયેલ દુકાનો અને સંસ્થાઓ માટે જે નવા દિશા-નિર્દેશ જારી કર્યા છે, તે સ્વાગતયોગ્ય છે. આ દિશા-નિર્દેશો અનુસાર રાજ્યમાં ખાનપાનની દુકાનોના બોર્ડ પર સંચાલક, મેનેજરે પોતાનું નામ લખવું પડશે અને સાથે જ હોટેલો, ઢાબા અને રેસ્ટોરાંમાં સીસીટીવી કેમેરા પણ લગાવવા પડશે અને ત્યાં કામ કરનારા કર્મીઓએ માસ્ક પહેરવા પડશે. સરકારે સંબંધિત અધિકારીઓને સૂબાની હોટેલો, ઢાબા અને રેસ્ટોરાંની નિયમિત તપાસના આદેશ આપ્યા છે. દેખીતું છે સ્વચ્છતા એક એવી અપેક્ષા છે, જેના માટે શાસકીય હસ્તક્ષેપની જરૂર જ નહોતી પડવી જોઈતી, પરંતુ દુર્યોગથી આપણે આ મામલે એક લાપરવાહ સમાજ રહ્યા છીએ અને નફાખોરીની વધતી પ્રવૃત્તિઓએ આ લાપરવાહીને જીવલેણ હદ સુધી પહોંચાડી દીધી છે. એવામાં, યોગી સરકારના દિશા-નિર્દેશ બિલકુલ યોગ્ય અને જરૂરી છે અને આવી જ સજાગતા બીજા રાજ્યોએ પણ ત્વરિત દેખાડવી જોઈએ. જોકે દેશના દુર્ભાગ્યે આવા જરૂરી પગલાંને પણ વિપક્ષો રાજકારણથી પ્રેરિત ગણાવી દે છે. ઉત્તર પ્રદેશ સરકારે આ પગલું હાલમાં જ બનેલી કેટલીક ઘટનાઓને જોતાં ઉઠાવ્યું છે, જેમાં ખાવા-પીવાની ચીજોમાં થૂંકવું, તેમાં અખાદ્ય પદાર્થોની ભેળસેળ કરતા કેટલાય અસામાજિક તત્ત્વોના વીડિયો સોશ્યલ મીડિયામાં વાયરલ થયા હતા અને સ્વાભાવિક રીતે જ સમાજનો આક્રોશ પણ વધ્યો. નાગરિક હિતો સાથે જોડાયેલો ગંભીર પ્રશ્ન એ છે કે આપણે જે ખાઈ-પી રહ્યા છીએ તે કેટલું શુદ્ધ છે અને જે લોકો આ વ્યવસાય સાથે જોડાયેલા છે તે કેટલી ઈમાનદારીથી લોકોના સ્વાસ્થ્યનો ખ્યાલ રાખે છે? દેશમાં ગ્રાહકના હિતોની રક્ષા માટે કઠોર કાયદાની કમી નથી, પરંતુ જમીની સ્તર પર તે લાગુ ન થઈ શકવાને કારણે સ્થિતિ બગડી છે, બલ્કે કેટલાક દુષ્ટ પ્રવૃત્તિના લોકોનું દુસ્સાહસ પણ વધ્યું છે. એકંદરે આ પ્રશાસનિક સક્રિયતાનો એ મતલબ પણ ન થવો જોઈએ કે આ દિશા-નિર્દેશ ગરીબ ખૂમચાવાળાઓની આજીવિકા પર સંકટ બની જાય. ખૂમચાવાળા પોતાના નામની પટ્ટી તો મૂકી શકે, પરંતુ સીસીટીવીની શરત પૂરી કરવા જેટલા તે સક્ષમ નથી હોતા.

# વિપક્ષી દળોનો ભાજપ પર વિભાજનકારી રાજનીતિ કરવાના આરોપ લગાવે છે

વિભાજનકારી રાજકારણ આપણા દેશમાં નવી વાત નથી. આપણે ભારતીયોએ એ તો ભૂલી જ ન શકીએ કે કઈ રીતે આવા ભાગલાવાદી રાજકારણે ભારતના બે ટુકડા કર્યા. ત્યારે માત્ર હિંદુઓ અને મુસલમાનોને બે અલગ-અલગ કોમ એટલે કે રાષ્ટ્ર જ નહોતા ગણાવાયા, પરંતુ હિંદી અને અને ઉર્દૂમાં પણ ભેદ પેદા કરીને એ સાબિત કરવાની કુચેષ્ટા કરવામાં આવી હતી કે ઉર્દૂ મુસલમાનોની અને હિંદી હિંદુઓની ભાષા છે. એવી જ વિભાજનકારી રાજનીતિ હવે નવેસરથી માથું ઊંચકી રહી છે. જો કોઈ એમ કહે કે ભારતમાં અન્ય ભારતીય ભાષા ભાષીઓ પર હિંદીને થોપવામાં આવી રહી છે અને તમિલ, તેલુગુ, કન્નડ વગેરે બોલનારાઓને એમ પણ કહેવાય છે કે તેમની ભાષા અને તેમની સંસ્કૃતિ, તેમનું ખાનપાન કમતર છે તો તે કોઈપણ દૃષ્ટિએ એક વિભાજનકારી અને વૈમનસ્ય પેદા કરનારું નિવેદન છે. હિંદી અને અન્ય ભારતીય ભાષાઓને એકબીજા વિરુદ્ધ ઊભી કરવાનું કામ પહેલાં પણ કરવામાં આવ્યું છે, પરંતુ આ પહેલી વાર સાંભળવા મળી રહ્યું છે કે અન્ય ભારતીય ભાષા ભાષીઓને કહેવાઈ રહ્યું છે કે તેમની ભાષાની સાથે તેમની સંસ્કૃતિ અને તેમનું ખાનપાન પણ કમતર છે. યાદ નથી આવતું કે રાહુલ ગાંધી પહેલાં ભાષાને લઈને આટલી વાહિયાત અને ભડકાઉ વાત કોણે કરી હતી! પોતાના હાલના અમેરિકાના પ્રવાસ દરમ્યાન તેઓ માત્ર ત્યાં સુધી જ સીમિત ન રહ્યા. ત્યાં તેમણે એ પણ ગોળી ગળાવવાની કોશિશ કરી કે ભારતમાં શીખો સામે કડું, પાઘડી ધારણ કરવું અને ગુરુદ્વારા જવાનું સંકટ પેદા થઈ શકે છે. તેનો વિરોધ થયો તો તેમણે પંજાબ કોંગ્રેસના નેતાઓ પ્રતાપ સિંહ બાજવા અને ચરણજીતસિંહ ચન્નીને પોતાના નિવેદનને સાચું ઠેરવવા મેદાનમાં ઉતારી દીધા. આ દરમ્યાન પ્રતાપસિંહ બાજવાએ એમ કહ્યું કે કેન્દ્ર સરકારે પંજાબની આર્થિક નાકાબંધી કરી દીધી છે અને ચન્નીએ એવી ગોળી પીવડાવી કે મોદી સરકાર પંજાબની ખેતીને નષ્ટ કરવા માગે છે. આવાં નિવેદનો ખાલિસ્તાન સમર્થકોને ભાવતાં હોય છે, કારણ કે તેનાથી તેમની મેલી મુરાદો પૂરી થાય છે. એ આશ્ચર્યજનક નહીં કે ખાલિસ્તાની આતંકવાદી ગુરપતવંત સિંહ પન્નુએ રાહુલ ગાંધીના નિવેદન સાથે તરત જ સહમતિ વ્યક્ત કરી. ત્યારબાદ પણ ગત દિવસોમાં રાહુલ ગાંધીએ એમ કહ્યું કે તેમણે અમેરિકામાં શીખો મુદ્દે જે કંઈ કહ્યું હતું તેના પર તેઓ અડગ છે. આ પહાલં જ્યારે તેઓ જૂન ૨૦૨૩માં અમેરિકા ગયા હતા ત્યારે તેમણે કહ્યું હતું કે ભારતમાં અલ્પસંખ્યકો અને એસસી-એસટી સમુદાયને નિશાનો બનાવવામાં આવે છે. ત્યારે તેઓ કોંગ્રેસના સાંસદ માત્ર હતા. હવે તેઓ વિરોધ પક્ષના નેતા પણ છે. રાહુલ ગાંધી છેલ્લા કેટલાક સમયથી જાતિ ગણના પર પણ ભાર મૂકી રહ્યા છે. કોંગ્રેસની સાથે અન્ય અનેક પક્ષો પણ જાતિ ગણનાની માંગ કરી રહ્યા છે અને હવે તો રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘે પણ એમ કહી દીધું છે કે જાતિ ગણના થાય છે તો તેમાં કશો વાંધો નહીં. ખબર નહીં કે જનગણનાની સાથે જાતિ ગણના થશે કે નહીં, પરંતુ જો કોઈ એ સમજી રહ્યું હોય કે તેનાથી દેશની તમામ સમસ્યાઓનું સમાધાન થઈ જશે તો એવું થવાનું નથી. ત્યારબાદ પણ જો કોઈ એવું માનીને ચાલે છે તો તેને એવું માનતાં રોકી તો ન શકાય, પરંતુ જાતિ ગણનાની માંગ કરતાં એવો માહોલ બનાવવો ચોખ્ખી વિભાજનકારી રાજનીતિ છે કે દલિત છાત્રો એટલા માટે નાપાસ થાય છે કારણ કે ઊંચી જાતિના લોકો પ્રશ્નપત્રો તૈયાર કરે છે! પોતાની ભારત જોડો યાત્રા દરમ્યાન રાહુલ ગાંધીએ એવી વાર્તા કરી હતી કે અમેરિકામાં આઈઆઈટી જેવી એક પરીક્ષામાં અશ્વેત સારું પ્રદર્શન નહોતા કરી રહ્યા, કારણ કે પ્રશ્નપત્ર શ્વેત લોકો બનાવતા હતા. પછી એક વાર અશ્વેતોએ પ્રશ્નપત્ર તૈયાર કર્યું તો તમામ શ્વેતો નાપાસ થઈ ગયા! આવી મનઘડંત અને કાલ્પનિક વાર્તા સંભળાવ્યા બાદ રાહુલ ગાંધીનું કહેવું હતું, 'જો આઈઆઈટીમાં અપર કાસ્ટ લોકોના બનાવેલા પ્રશ્નપત્રને કારણે દલિત છાત્રો ફેઈલ થઈ રહ્યા છે તો એક વાર દલિતો પાસે પ્રશ્નપત્ર બનાવીને જોઈ લો.' ભારતમાં જાતિના સહારે જાતિય વૈમનસ્ય ફેલાવવાની રાજનીતિ તો કોંગ્રેસ પહેલાંથી જ કરતી આવી છે. બીજા પણ અનેક પક્ષો એવા છે જે જાતિ આધારિત રાજનીતિ કરવા માટે જ ઓળખાય છે.

**ઈશ્વર વિષેની આપણે ત્યાં ઘણી બધી લાક્ષણિકતાઓ દર્શાવાઈ છે અને જગત નિયંતા જગદીશ્વરની સર્વપ્રથમ લાક્ષણિકતા એ છે કે તે અસંગ છે**

# જાગો મોહન પ્યારે! એ ગીત થકી સ્થૂળ સૂક્ષ્મ અને કારણ શરીરની જાગૃતિ સુધી પહોંચીએ!



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

**કોઈ પણ જીવનાં સ્થૂળ શરીરનું જાગવું એ તેને કર્તવ્ય કર્મ કરવા પ્રેરે છે, કે ચાલ ઊભો થા, અને હવે તારા કામે વળગ, તારા પરિવાર માટેની જવાબદારી નિભાવ. સૂક્ષ્મ શરીરનું જાગવું એટલે પરિવાર ઉપરાંત સમાજ પણ તારો પરિવાર છે, એ તરફ પણ તારી કોઈ ફરજ છે, અને એ જવાબદારી રૂપે કોઈ પણ પ્રકારનું કર્મ થાય તો સૂક્ષ્મ શરીરનું જાગરણ થયું છે.**

આપના શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. ગઈકાલે મારા જન્મ દિવસને ખાસ બનાવવા મેસેજ તથા ફોનથી શુભેચ્છાનો વરસાદ વરસાવનાર સૌ સ્નેહીજનો નો હૃદય પૂર્વક ખૂબ ખૂબ આભાર. કાલે લખ્યું હતું એમ કે માત્ર નાની નાની જાગૃતિનું આ પરિણામ છે, અને જાગને જાદવા કૃષ્ણ ગોવાળિયા તુજ વિના ધેનમાં કોણ જાશે! નરસિંહનું પ્રભાતિયું આજે પણ આપણા અંતરાત્માને જગાડી શકે તેમ છે. નરસિંહનાં જાદવાને હવે એ જ પ્રાર્થના છે કે, દાદી નાની કહેવા વાળું ઝડપથી આવે,પણ એ તો યોગ સંયોગ થશે ત્યારે, અત્યારે તો મોહન પ્યારાને જ મમતા લૂટાવવાની છે. તો આજે આપણે પણ હરિ ભક્તિના ભાવથી ભરેલા ગીતાનો સંદર્ભ લઈને તરાને કી તર્જ જીવન કા અર્કમાં આગળ ચિંતન કરીશું.

**જાગો જાગો જાગો,**
**જગ ઉજીયારા છાયે,**
**મન કા અંધેરા જાયે,**
**કિરનો કી રાની ગાયે,**
**જાગો હે મેરે,**
**મોહન પ્યારે,**
**જાગો મોહન પ્યારે, પ્યારે જાગો,**
**જાગો મોહન પ્યારે પ્યારે જાગો,**
**નવયુગ ચુમે નૈન તિહારે,**
**જાગો જાગો મોહન પ્યારે.**

૧૯૫૬ની સાલમાં બનેલું જાગતે રહો નામની ફિલ્મનું આ ગીત છે ગીત રાજ કપૂર, પ્રદીપ અને સુમિત્રા દેવી પર ફિલ્માવાયેલું આ ગીત લતા મંગેશકર ના અવાજમાં ગવાયેલું છે સંગીતકાર સલિલ ચૌધરી, અને ગીતના શબ્દો શૈલેન્દ્રના છે. આ ફિલ્મ મેં જોઈ નથી એટલે આ ગીત કયા સંદર્ભમાં ગવાયું છે એ વિશે કોઈ જાણ નથી, પરંતુ સ્થૂળ સૂક્ષ્મ અને કારણ ત્રણેય શરીરની જાગૃતિનું દર્શન બતાવાયું છે. સ્થૂળ રૂપે સવાર પડે છે, અને જાગીએ તો જ જગતનાં અંધેરા ચાલ્યા ગયા છે, અને જંગ ઉજીયારુ થઈ ગયું છે એ દેખાય, એટલે કે રાત્રી પૂરી થઈ અને સૂર્યોદય થયો. કવિ પોતાના આ ભાવ ઈશ્વર સાથે શેર કરે છે, એટલે કે તેને ઉઠાડવાની ચેષ્ટા કરે છે, અને આમ જુઓ તો ખુદમાં પણ એક ઈશ્વર છે, એટલે અંતરાત્માને જગાડવા માટે જ કવિ કહે છે. સૂર્યકિરણને રાણી કહે છે, અને તે ગીત ગાઈને સૌને જગાડી રહી છે, પ્રકાશ આપી રહી છે,સૌ પર મમતા લૂટાવી રહી છે, એ સ્થૂળ દર્શન છે. જાગીશ તો નવયુગના દર્શન થશે, એટલે અહીં જ સતયુગ, ત્રેતા અને દ્વાપર કે કળીયુગ છે. જાગૃતિના અનેક લાભો છે, જેમ પૂર્વમાં સૂર્યોદય થાય છે અને આખું જગત પ્રકાશમાન થાય છે, એમ દેહમાં પણ જાગૃતિનો સૂર્યોદય થાય તો જીવનમૂલ્યો બદલાઈ જતા હોય છે. ગઈકાલ સુધી જે વસ્તુ, જે વ્યક્તિ, કે જે વ્યવહાર, આપણને પરાણે નિભાવવા પડતા હોય, અથવા તેની પ્રત્યે અણગમો હોય કે પછી કર્તવ્યકર્મનો બોજ લાગતો હોય, એ જાગૃતિ આવી જવાથી અથવા તો જીવનમાં જાગી જવાથી, તેના મૂલ્યો બદલાઈ જતાં દેખાય છે, અને જે કર્તવ્ય કાળ રૂપ લાગતું હતું એ હોંશે હોંશે થાય છે. નિમિત્ત માત્રનું મૂલ્ય જાણ્યા પછી, જીવન નિર્ભાર પણ થઈ શકે છે. અહીં સૂર્ય જેમ પ્રકાશમાન કોઈ નથી, અને છતાં તેના જીવનમાં પણ તપવાનુ જ લખાયું છે. માટે સત્યરૂપી સૂર્યનો જીવનમાં સ્વીકાર કર્યો છે, તો જીવન થોડું તપતું રહેશે, અથવા તો કસોટીઓ આવશે, એનાથી ડરવાનું નથી. આવું એક અનેરૂ જ્ઞાન પણ થાય છે, અને જેનાથી મનનો અંધકાર જાય છે. ઈન્દ્રિયોના ઉત્પાત ઓછા થાય છે, અને જીવ ભક્તિ તરફ એટલે કે ભગવાનનાં સાનિધ્યને ઝંખે છે. સ્થૂળ અને સૂક્ષ્મ રીતે જાગૃતિ આવે પછી નિમિત્ત માત્ર બનીને જે કાર્ય થાય, તે લોકમંગલના કાર્ય થાય, અને તેનાથી કારણ શરીરની પુષ્ટિ મળતી હોય છે, અને શક્તિવર્ધક આભા વલયની રચના થાય છે. આપણે મુખ્યત્વે જોઈએ તો ઈશ્વરની છબી કે ચિત્રનાં દર્શન કરીએ, અથવા તો જોઈએ તો તેના મુખ મંડલ આસપાસ પ્રકાશનું વર્તુળ રચાયેલું હોય છે. ઈશ્વર વિષેની આપણે ત્યાં ઘણી બધી લાક્ષણિકતાઓ દર્શાવાઈ છે ,અને જગત નિયંતા જગદીશ્વરની સર્વપ્રથમ લાક્ષણિકતા એ છે કે તે અસંગ છે, એટલે જીવ જેમ જાગૃત થતો જાય અને કારણ શરીરની પુષ્ટિ થતી જાય, તેમ તે અસંગ થતો જાય છે.એટલે કે હર્ષશોક થી મુક્ત થાય છે. બીજું ઈશ્વર ઈન્દ્રિયોથી નહીં પણ ચૈતન્યથી ગતિ કરે છે, એ જ રીતે કારણ શરીરની પુષ્ટિ થયેલી હોય, એવા જીવોના વિચારો કે મન તરંગો એ અન્ય વ્યક્તિ સુધી પહોંચે છે, અને એ પણ આવાં વિચારથી તાજગી અને ચૈતન્ય અનુભવે છે. ઈશ્વરને થાક નથી લાગતો, ઈશ્વરને ભૂખ નથી લાગતી, તરસ નથી લાગતી, એ તો ઠાકોરજીને ધરાવવામાં આવતો ભોગ એ આપણા મનની એક સંતુષ્ટિનું કારણ છે, કે આપણે પણ તેને કંઈક આપવું કે ધરાવીએ તો અથવા તો એ પ્રસાદરૂપે ગ્રહણ કરીએ તો વિકાર ઓછા આવે, એવો પણ ભાવ હોય છે. એટલે ઈન્દ્રિયો જ્યારે સતત પરિશ્રમ હોવા છતાં પણ, ઓછો થાક અનુભવે, અને ભૂખ તરસ તરફ દુર્લક્ષ સેવવા છતાં શરીરમાં સ્ફૂર્તિ રહે, ત્યારે સમજવું કે માંહ્યલો સંપૂર્ણ પણે અથવા ત્રણેય શરીરથી જાગી ગયો છે. કોઈ પણ જીવનાં સ્થૂળ શરીરનું જાગવું એ તેને કર્તવ્ય કર્મ કરવા પ્રેરે છે, કે ચાલ ઊભો થા, અને હવે તારા કામે વળગ, તારા પરિવાર માટેની જવાબદારી નિભાવ. સૂક્ષ્મ શરીરનું જાગવું એટલે પરિવાર ઉપરાંત સમાજ પણ તારો પરિવાર છે, એ તરફ પણ તારી કોઈ ફરજ છે, અને એ જવાબદારી રૂપે કોઈ પણ પ્રકારનું કર્મ થાય તો સૂક્ષ્મ શરીરનું જાગરણ થયું છે, એમ કહેવાય, અને પુરુષાર્થ એ જ પરમ પ્રેમ સુધી પહોંચવાનો એકમાત્ર માર્ગ છે. સત્ય પ્રેમ અને કરુણાનું હૃદય મંદાકિનીમાં વહેણ શરૂ થાય, ત્યારે કારણ શરીરને પુષ્ટિ મળી છે, અથવા કારણ શરીર જાગી ગયું છે, અને આભા વલયની તેજસ્વિતાથી હવે લોક કલ્યાણના કાર્ય એ જ જીવનનો મુખ્ય હેતુ રહે છે, અને અને અન્યના દુખ દર્દ જોવા કે જાણવાથી જ આપણા દુ:ખદર્દ ભૂલાય છે. જેમ બ્રહ્માંડ લાખ રહસ્યથી ભરેલું છે, તેમ આ સંસાર પણ અલગ અલગ માનસિકતા રૂપે વસતા જીવોનાં રહસ્યોથી ભરેલું છે, અને એ આંટીઘૂટીમાં અટવાયા વગર આપણે અન્ય જીવમાં પણ પરમાત્માનો અંશ છે, એ એકમાત્ર સત્ય મનમાં ધારણ કરીને અન્ય પ્રત્યેના દુર્ભાવ દૂર કરીને પોતીકું સમજી પ્રેમ કરી શકાય. જીવનમાં ધીર ગંભીર પણું, અને સમય સંજોગો સામે ટકી રહેવાની હિંમત શક્તિ, અથવા સાહસ પણ સ્વયંની જાગૃતિથી જ આવે છે. અન્યને ઉઠાડવાની તો એક ચેષ્ઠા બતાવાઈ છે, બાકી પહેલા જાગવું તો પોતે જ પડે, અને જાગી ગયેલો હોય, કે જાણી ગયેલો હોય, તે જ અન્ય ને જગાડી શકે, અને જણાવી શકે, કે આ વસ્તુ આ છે, એટલે કે સૂર્ય કોઈને દેખાડવો હોય તેનું વર્ણન કરવું હોય પ્રભાતનું વર્ણન કરવું હોય તો પહેલા તો પોતે જ જાગીને સૂર્યોદય જોવો પડે, પ્રકૃતિમાં થતાં ફેરફારનું અવલોકન કરવું પડે, તેને અનુભવવું પડે, પક્ષીઓના કલરવને માણવો પડે, તો જ આપણે પ્રભાતનું વર્ણન કરી શકીએ, એમ પહેલા આપણે જાગીએ, તેના ફાયદાઓ જાણીએ, તો અન્યને બતાવી શકાય, કે જાગી જવાથી જીવન સરળ થાય છે, જીવન મધુરુ બને છે, અને સાચા જીવનની શરૂઆત થાય છે. તો આપણે સૌ પણ જાગી જઈએ, તો અંદર રહેલા પરમ તત્વની અનુભૂતિ કરી શકીશું. જીવન રહેતા જ જાગીએ તો એ દ્રષ્ટિથી જીવનનું સાચું મૂલ્ય જાણી શકીએ, એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી, હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવા ચિંતન મનન સાથે, તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.

**હે પ્રભુ, હું જાણું છું કે, આપની કૃપા અને આપનું શરણ એ જ બચવાનો એક માત્ર ઉપાય છે, હે નાથ, મારી ઉપર કૃપા કરો**

# સંસાર એ જ સમુદ્ર છે, સંસાર સમુદ્રનું મંથન કરી જ્ઞાનરૂપી અને ભક્તિરૂપી અમૃત મેળવવાનું છે



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**તુલસી અને કમળ પરમાત્માને પ્રિય છે, પરમાત્માની નાભિમાંથી કમળ નીકળ્યું છે, કમળ બ્રહ્માજીની સૃષ્ટિનું નથી, તે કમળનો પ્રભુ એ સ્વીકાર કર્યો, સુદર્શન ચક્રથી ભગવાને મગરને માર્યો, સુદર્શન ચક્ર એટલે જ્ઞાનચક્ર, કાળનો નાશ જ્ઞાન ચક્રથી જ થાય છે, એવું જ્ઞાન કે સર્વમાં ભગવાન દેખાય, જેને બ્રહ્મ દૃષ્ટિ પ્રાપ્ત થાય છેતે જ્યાં જાય ત્યાં તેને પરમાત્માનાં દર્શન થાય છે.**

ભાદરવા માસમાં આજે ભગવદ્ ગીતા જ્ઞાનમાં ચિંતન મનનમાં જે સંસાર સરોવરમાં મનુષ્ય ક્રીડા કરે છે ત્યાં જ કાળ રહે છે. જન્મની સાથે જ માણસ કાળને લઈને આવેલો છે. કાળ આવે છે ત્યારે પગને પહેલાં પકડે છે. પગની શક્તિ ક્ષીણ થાય ત્યારે માનજો કે કાળે પકડયા છે. પરંતુ ગભરાશો નહીં. એનો પણ ઉપાય છે. ગજેન્દ્રે બતાવ્યો છે તે ભાગવત સ્મરણમાં લાગી જવું. કાળ જ્યારે પકડે ત્યારે કાળની પકડમાંથી સ્ત્રી કે પુત્ર કોઈ છોડાવી શકે નહીં. સ્ત્રી-પુત્રની સાથે સંસારસમુદ્રમાં રમવા રહ્યા ને ભાન ભૂલ્યા એટલે તો કાળ- મગરે પગ પકડ્યો. હવે એ સ્ત્રી- પુત્ર કેમ કરી છોડાવી શકે? એ તો ઊલટા દૂર ભાગી જાય છે. હાથીનું સંકટ જોઈ હાથણીઓ ભયથી આઘી ખસી ગઈ. હાથી એકલપંડે લડે છે. હાથી અને મગરનું આ યુદ્ધ કેવું ચાલ્યું! એટલે કે ખૂબ લાંબું ચાલ્યું. આ બતાવે છે કે, વાસના જીતવી બહુ અઘરી છે. તે એકદમ હરિના શરણે મનને જવા દેતી નથી.પોતાનાજોરે તે જીતવા માગે છે, પણ તે તો હવે ગજેન્દ્ર એકલો પડયો. એકલો પડે ત્યારે જ્ઞાન જાગ્રત થાય છે. હવે એને ભાન થયું કે, વાસના કેવળ ફસાવે છે. તેના ટેકે રહેવાય નહીં. જીવ નિર્બળ બને છે ત્યારે તે ઈશ્વરને શરણે જાય છે. નિર્બળ કે બળ રામ છે. દ્રૌપદીએ મોઢાથી સાડીનો છેડો પકડેલો ત્યાં સુધી દ્વારિકાનાથ વ્હારે ધાતા નથી પણ જે ઘડીએ દ્રૌપદીએ છેડો છોડી દીધોને શ્રી કૃષ્ણને બોલાવ્યા તે જ ઘડીએ પ્રભુ વહારે ધાય છે. જીવ મૃત્યુ પથારીમાં એકલો પડે છે ત્યારે તેની દશા ગજેન્દ્ર જેવી થાય છે. અંતકાળે મનુષ્ય ગભરાય છે કે મારું શું થશે? જ્યાં ગયા પછી પાછું આવવાનું છે,તેવી મુસાફરી ની મનુષ્ય પારાવાર તૈયારી કરે છે. પણ જ્યાં ગયા પછી પાછું આવવાનું જ નથી,તેવી મોટી મુસાફરીની કોઈ અગાઉથી તૈયારી કરતું નથી.એ પરમ આશ્ચર્યની વાત છે. મૃત્યુ પથારી ઉપર પડેલો મનુષ્ય હાય હાય કરે છે.હાય હાય કરે હવે શું વળવાનું? હરિ હરિ કરો તો કાંઈ વળે? કાંઈ શું, બધું વળે!ખરા દિલથી હરિ હરિ કરો તો! ગજેન્દ્ર એકલો પડયો ત્યારે તેને ખાતરી થઈ કે, ઈશ્વર વિના મારું કોઈ નથી. સગાંસંબંધી બધાં કહેવાનાં છે. જે બધાને માટે આખી જિંદગી ભોગ આપ્યો તે સર્વ છોડીને ચાલ્યા જાય છે.એટલે હવે ગજેન્દ્ર ઈશ્વરની સ્તુતિ કરે છે.આ ગજેન્દ્રસ્તુતિ અને ગજેન્દ્ર મોક્ષનો પાઠ રોજ કરવા જેવો છે, જેથી અજ્ઞાનનો નાશ થાય અને મરણ સુધરે. કાળ-મગર મને પકડવા ટાંપી રહ્યો છેએમ સમજી આ સ્તુતિ કરવી. જીવ જ્યારે ચારે બાજુથી નિરા ધાર બને છે ત્યારે તે પ્રભુને શરણે જાય છે. પૂર્વજન્મોના સંસ્કારો અને સત્કર્મો હોય તો પ્રભુનું શરણ સૂઝે છે. ગજેન્દ્ર પ્રાર્થના કરે છેકે,હે વિવિધ રૂપવાળા,અજ્ઞેય ચરિત્રવાળા પ્રભુ મારી રક્ષા કરો! હે પ્રભુ,તમે અવિદ્યાના ફાંસામાં ફસાયેલ જીવને જો તે શરણે આવે તો ફાંસો કાપી નાખી બચાવો છો. તમે અત્યંત દયાળુ છો ને દયા કરવામાં કદી આળસ કરતા નથી. જીવમાત્રના તમે અંતર્યામી છો. તમે સર્વના નિયંતા છો. તમને હું પ્રણામ કરું છું. હું પશુ છું. કાળના પાશમાં ફસાયો છું. મને કાળથી બચાવો. જ્યાં કાળ ન હોય ત્યાં મને લઈ જાવ. જ્યાં કાળનો પ્રવેશ નથી એવા તમારા ધામમાં મને લઈ જાઓ. હે પ્રભુ,હું જાણું છું કે, આપની કૃપા અને આપનું શરણ એ જ બચવાનો એક માત્ર ઉપાય છે. હે નાથ, મારી ઉપર કૃપા કરો. તમે શરણાગતનું રક્ષણ કરનાર છો. તમે મારી રક્ષા કરો! હું તમારે શરણે છું. ગજેન્દ્ર આ પ્રમાણે દુ:ખથી આદ્ર બનીને શ્રીહરિની સ્તુતિ કરે છે. આ સ્તુતિનો પાઠ મનુષ્યને સંકટ માંથી મુક્ત કરે છે.તમે જ ગજેન્દ્ર છોને કાળ-મગરના જડબામાં પડ્યા છો એમ સમજી પાઠ કરશો તો તેનો ચમત્કાર તરત દેખાશે. આ સ્તુતિનો પાઠ કરનારને ખરાબ વિચારો નહીં આવે. ગજેન્દ્ર પ્રાર્થના કરે છે કે, હવે નાશ ન થાય તેવું દિવ્ય શરીર મને આપો કારણ કે આ નાશવંત-લૌકિક શરીર કેવળ બોજારૂપ છે ને વ્યર્થ છે. માટે કૃપા કરી મને અવિનાશી તેજોમય શરીર આપો. હે ગોવિંદ, હે નારાયણ હું દીન તમારી પ્રાર્થના કરું છું. કાળના મુખમાંથી મને છોડાવો. હવે પરમાત્માને ઉતાવળ થઈ. તે દોડતા આવ્યા. ગજરાજને બચાવવાની ભગવાન સિવાય કોઈની તાકાત નથી. દેવો ત્યાં લાચાર છે. નિરાધારનો આધાર ભગવાન છે. ગજેન્દ્રે જોયું કે, ભગવાન દોડતા આવ્યા છે. ગજેન્દ્રે સરોવરમાંથી એક કમળ ઊંચકી તે ભગવાનને અર્પણ કર્યું. તુલસી અને કમળ પરમાત્માને પ્રિય છે. પરમાત્માની નાભિમાંથી કમળ નીકળ્યું છે. કમળ બ્રહ્માજી ની સૃષ્ટિનું નથી.તે કમળનો પ્રભુ એ સ્વીકાર કર્યો. સુદર્શન ચક્રથી ભગવાને મગરને માર્યો. સુદર્શન ચક્ર એટલે જ્ઞાનચક્ર. કાળનો નાશ જ્ઞાન ચક્રથી જ થાય છે. એવું જ્ઞાન કે સર્વમાં ભગવાન દેખાય. જેને બ્રહ્મ દૃષ્ટિ પ્રાપ્ત થાય છેતે જ્યાં જાય ત્યાં તેને પરમાત્માનાં દર્શન થાય છે. બ્રહ્મજ્ઞાની ઘણા મળશે પણ શુકદેવજી જેવી બ્રહ્મદૃષ્ટિ રાખનાર ઓછા મળશે. આવા જ્ઞાનીને સંસાર બાધક થતો નથી. અજ્ઞાનીને સંસાર બાધક થાય છે. આ જ્ઞાન એટલે ચોપડીનું જ્ઞાન નહીં, પણ અંતરમાં ઊગેલું જ્ઞાન. આ જ્ઞાન તમને અજ્ઞાનમાંથી છોડાવશે. અજ્ઞાનની પકડમાંથી છૂટવાનું છે. સર્વમાં ભગવદર્શન તેજ સુદર્શન. ભગવાન સિવાય જગતમાં જેના દર્શન કરવા. પ્રિય થાવું એવું સુદર્શન કોણ છે? એનો બીજો અર્થએ પણ થાયકે,તમારી દૃષ્ટિ સુદર્શન થશે; સારી થશે એટલે સર્વમાં તમને ભગવાન દેખાશે, તો તમે કાળના મુખમાંથી છૂટી જશો. સર્વમાં શ્રીકૃષ્ણનાં દર્શન કરો તો કાળ મારી શકશે નહીં. ભગવાને ગજેન્દ્રનો ઉદ્ધાર કર્યો, તેમ જે જીવ ભગવાનને શરણે જશે તેનો ઉદ્ધાર થશે. પૂર્વજન્મમાં આ ગજેન્દ્ર ઈન્દ્રધુમ્ન નામનો રાજા હતો. રાજા ધ્યાનમાં બેઠો હતો. ત્યાં અગસ્ત્ય મુનિ આવ્યા. ઊભા થઈ રાજાએ મુનિનો સત્કાર કર્યો નહીં. તેથી મુનિને લાગ્યું કે, રાજા મારું અપમાન કરે છે ભગવાન કરતાં પણ ભગવાનના ભક્તોનો વધારે માન રાખજો પથ્થરની મૂર્તિમાં સદભાવ રાખવાથી ચેતન થાય છે તો ચેતનમાં સદભાવ રાખવાથી ઈશ્વરની પ્રાપ્તિ કેમ ન થાય અગત્સ્ય મહારાજને ખોટું લાગ્યું તેમણે શાપ આપ્યોકે તું જડ જેમ બેસી રહ્યો તેથી તને પશુનો જડ અવતાર મળો પૂર્વ જન્મમાં ગજેન્દ્રે ખૂબ ભજન કરેલું એટલે ગજેન્દ્ર યોનીમાં તેને પ્રભુ યાદ આવ્યા. એક જન્મમાં જે સંસ્કાર મનમાં દઢ થાય તે બીજા જન્મમાં સ્વભાવ બની પ્રગટ થાય છે. ગજેન્દ્રની ગત જન્મની ભક્તિ આ જન્મે શ્રદ્ધા રૂપે પ્રગટ થઈ. શુકદેવજી હવે સમુદ્રમંથનની કથા કહે છે, હે રાજન!એક સમયે ઈન્દ્રને દુર્વાસા ઋષિ સામે મળ્યા. દુર્વાસાએ પુષ્પમાળા ઈન્દ્રને અર્પણ કરી, પરંતુ ઈન્દ્ર સંપત્તિમાં સાનભાન ભૂલ્યો હતો.એટલે સંતે મળેલી માળા તેણે હાથીની સૂંઢ ઉપર ફેંકી.હાથી તે પગ તળે કચડવા લાગ્યો. દુર્વાસાને લાગ્યું કે, ઈન્દ્ર મારું અપમાન કરે છે. મારું એકલાનું નહીં, પણ પુષ્પમાં રહેલાનું અપમાન કરે છે.તેથી તેમણે ઈન્દ્રને શ્રાપ આપ્યો કે, તું દરિદ્ર થઈશ. સંપત્તિમાં સાનભાન ભૂલ્યો છે તે દરિદ્ર ન થાય ત્યાં સુધી તેને સાનભાન આવતું નથી. તે પછી સ્વર્ગનું રાજ્ય દૈત્યોને મળે છે. દેવો ભગવાનને શરણે ગયા. અમને અમારું રાજ્ય પાછું મળે તેવું કરો. ભગવાને આજ્ઞા આપી કે, તમે સમુદ્રમંથન કરો. તેમાંથી અમૃત નીકળશે તે હું તમને પીવડાવીશ. તમે અમર થશો, પરંતુ આ મોટું કામ કરે છે. તેમાં દૈત્યોનો પણ સાથ લેજો. દૈત્યો આમ તો દેવોની મદદમાં ન આવે, પણ એક તો દેવોએ તેમનાં વખાણ કર્યાં તેથી ફુલાયા ને બીજું અમૃતની લાલચ લાગી એટલે દેવોની સાથે જોડાયા. હવે દેવો અને દૈત્યો અમૃત મેળવવા સમુદ્ર નું મંથન કરવા લાગ્યા. મંદરાચળ પર્વતની રવઈ બનાવવામાં આવી અને વાસુકી નાગનું દોરડું બનાવ્યું ને મંથન શરૂ કર્યું. સંસાર એ જ સમુદ્ર છે. સંસારસમુદ્રનું મંથન કરી જ્ઞાનરૂપી અને ભક્તિરૂપી અમૃત મેળવવાનું છે. જીવને ખરેખર અમર બનાવે તેવું તે એ એક જ અમૃત છે. વાચક ચાહક મિત્રો સૌને જય માતાજી સુપ્રભાત શ્રાધ્ધ પિતૃપક્ષ પૂર્ણ થવા આવ્યો છે દક્ષિણ ગુજરાત,અમદાવાદ સહિત કેટલાક વિસ્તારોમાં કાળઝાળ ગરમી બાદ મેઘરાજા અંતિમ તબક્કામાં મહેરબાન થયા છે હવે નવરાત્રિ મજા ન બગાડે તો સારું તેવી થનગની રહેલા ખેલૈયાઓમાં દહેશત છે નવરાત્ર સારી રીતે વ્રત તપ આરાધના ઉપાસના ગરબા ગરબીની રમઝટ સાથે પસાર થાય તેવી શુભકામના સાથે અસ્તુ.

### આલિયા-દીપિકાને પાછળ રાખ્યા

## સામંથા બની 'મોસ્ટ પોપ્યુલર ફિમેલ ફિલ્મ સ્ટાર ઇન ઇન્ડિયા'




સામંથા રુથ પ્રભુએ આલિયા ભટ્ટ, દીપિકા પાદૂકોણ, નયનતારા અને શ્રદ્ધા કપૂરને પાછળ રાખી દીધાં છે અને તે મોસ્ટ પોપ્યુલર ફિમેલ ફિલ્મ સ્ટાર ઈન ઈન્ડિયા ગઈ છે. તાજેતરના એક સર્વે મુજબ, સામંથા પહેલા તેમજ આલિયા બીજા ક્રમે રહી છે. આ યાદીમાં દીપિકા પાદુકોણ, નયનતારા, કાજલ અગ્રવાલ, શ્રદ્ધા કપુર, ત્રિશા, કેટરિના કૈફ, રશ્મિકા મંદાના અને કિઆરા અડવાણી પણ હતા. ત્યારે સામંથા પ્રથમ ક્રમે આવવાથી તેના ફૅન્સ ઉત્સાહમાં આવી ગયાં હતાં. જો સામંથાની આવનારી ફિલ્મો વિશે વાત કરવામાં આવે તો સામંથા રુથ પ્રભુ ટૂંક સમયમાં 'સિટાડેલઃ હની બની'માં જોવા મળશે. આ સિટાડેલ યુનિવર્સની ઈન્ડિયન સિરીઝ છે, જેના અમેરિકન વર્ઝનમાં પ્રિયંકા ચોપ્રા એજન્ટ નાદિયા તરીકે કામ કરી રહી છે. તાજેતરમાં જ જ્યારે આ સિરીઝનું ટીઝર લૉંચ થયું ત્યારે સામંથાએ તેના વરુણ ધવન સાથે કામ કરવાના અનુભવ વિશે પણ વાત કરી હતી. તેણે જણાવ્યું હતું,''એ સવારે ઉઠે ત્યારથી જે વિચારે છે તે માત્ર તેના કામને કેવી રીતે વધુ સારું કરે એ જ છે. તે સતત દરેક સીનમાં કઈ રીતે વધુ સારું પર્ફોર્મ કરવું એ માટે જ કામ કરે છે. તે કામ માટે તો ડેડિકેટેડ છે જ સાથે હું અત્યાર સુધીમાં જે લોકોને મળી છું તેમાં એ સૌથી સારો વ્યક્તિ છે.'' આ સાથે સામંથાએ રાજ એન્ડ ડીકેની વધુ એક સિરીઝ 'રક્ત બ્રહ્માંડ' માટે પણ શૂટ શરૂ કરી દીધું છે. જે 'તુંબાડ'ના ડિરેક્ટર રાહી અનિલ બર્વે દ્વારા ડિરેક્ટ કરવામાં આવશે. તેમાં તે અલી ફઝલસ વામિકા ગબ્બી અને આદિત્ય રોય કપુર સાથે કામ કરી રહી છે. રાજ એન્ડ ડીકેની આ પહેલી એક્શન ફેન્ટસી જોનરની સિરીઝ છે, જે નેટફ્લિક્સ પર રિલીઝ થશે.

# 'વીર સાવરકર'નો વિવાદઃ ઓસ્કારમાં ઓફિશિયલ એન્ટ્રીના દાવાને પડકાર

**ફિલ્મના કો-પ્રોડ્યુસર આનંદ પંડિતે આ બાબતે જણાવ્યું કે, ફિલ્મ ક્યારે સબમિટ થઈ તેની મને ખબર નથી**

રણદીપ હુડાના ડાયરેક્શનમાં બનેલી બાયોપિક 'સ્વાતંત્ર્ય વીર સાવરકર'ને ઓસ્કાર એવોર્ડમાં ભારતની ઓફિશિયલ એન્ટ્રી તરીકે પસંદ કરાઈ હોવાની અટકળો ચાલી છે. કિરણ રાવની 'લાપતા લેડીઝ'ને ભારતની ઓફિશિયલ એન્ટ્રી જાહેર કર્યા બાદ 'સ્વાતંત્ર્ય વીર સાવરકર'નું નામ આવતાં આશ્ચર્ય ફેલાયું છે. ફિલ્મ ફેડરેશન ઓફ ઈન્ડિયાના પ્રેસિડેન્ટ રવિ કોટાકારાએ આ અંગે સ્પષ્ટતા કરી છે કે, રણદીપ હુડાએ કરેલી એનાઉન્સમેન્ટ સાથે ફેડરેશનને કોઈ લેવા દેવા નથી. ફેડરેશને ઓફિશિયલ એન્ટ્રી તરીકે માત્ર 'લાપતા લેડીઝ'ને જ પસંદ કરી છે. રણદીપ હુડાનું ડાયરેક્શન અને લીડ રોલ ધરાવતી ફિલ્મ 'સ્વાતંત્ર્ય વીર સાવરકર'ને ઓસ્કારમાં ઓફિશિયલી સબમિટ કરવા બદલ રણદીપે ફિલ્મ ફેડરેશનનો આભાર માન્યો હતો. જેના પગલે આ ફિલ્મ ઓફિશિયલ એન્ટ્રી હોવાની છાપ ઊભી થઈ હતી. ફેડરેશન દ્વારા સોમવારે લાપતા લેડીઝને ભારતની ઓફિશિયલ એન્ટ્રી જાહેર કરી હતી. થોડા કલાકો બાદ 'સ્વાતંત્ર્ય વીર સાવરકર'નું નામ પણ જાહેર થતાં આશ્ચર્ય ઊભું થયું છે. ફેડરેશનના પ્રમુખ રવિ કોટાકારા સાથ હિન્દુસ્તાન ટાઈમ્સે આ અંગે વાત કરી હતી. જવાબમાં કોટાકારાએ દાવાને હસવામાં કાઢી નાખ્યો હતો.



રવિએ સ્પષ્ટતા કરી હતી કે, 'વીર સાવરકર'ના મેકર્સે કંઈ ખોટું કમ્યુનિકેશન કર્યુ છે. આ બાબતે મારે એક સ્ટેટમેન્ટ રિલીઝ કરવાનું છે. ભારતમાંથી ઓસ્કાર માટેની ઓફિશિયલ એન્ટ્રી એક માત્ર લાપતા લેડીઝ છે. ફિલ્મના કો-પ્રોડ્યુસર આનંદ પંડિતે આ બાબતે જણાવ્યું હતું કે, ફિલ્મ ક્યારે સબમિટ થઈ તેની મને ખબર નથી. સોમવારે મને આ અંગે જાણ થઈ હતી. ઓસ્કારમાં જવું તે મોટી સિદ્ધિ છે અને અમે ખુશ છીએ. ઈન્સ્ટાગ્રામ પર 'વીર સાવરકર'ને ઓફિશિયલ એન્ટ્રી ગણાવતી જે પોસ્ટ થઈ તેમાં એક્ટર અંકિતા લોખંડે, કો-પ્રોડ્યુસર સંદીપ સિંગ અને પ્રોડક્શન હાઉસનું કોલાબરેશન હતું. રણદીપ હુડાએ આવી કોઈ અપડેટ શેર કરી ન હતી.

# 'દરવાજા ખુલેગા ઈસ દિવાલી' ભૂલ ભુલૈયા-૩ ફર્સ્ટ લૂક આઉટ




બોલીવુડ અભિનેતા કાર્તિક આર્યને પોતાના ૧૩ વર્ષોના કરિયરમાં ઘણી જબરદસ્ત ફિલ્મો આપી છે. અને તેમનું નામ હવે હિન્દી સિનેમાના ટોપ સ્ટાર્સમાં જોડ્યુ છે. કાર્તિક આર્યને પોતાની એક્ટિંગ અને લુકથી ફેન્સને દિવાના બનાવી રહ્યા છે. કાર્તિક આર્યન છેલ્લી વાર મોટા પડદા પર 'ચંદુ ચેમ્પિયન' માં જોવા મળ્યા હતા. જો કે આ ફિલ્મ તો બોક્સ ઓફિસ પર ફલોપ રહી પરંતુ કાર્તિક આર્યનના કામ અને એક્ટિંગને લોકોએ ખૂબ પસંદ કરી હતી. હવે કાર્તિકના ફેન્સ તેની અપકમિંગ ફિલ્મ 'ભૂલ ભૂલૈયા ૩'ની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. ફિલ્મ જલ્દી જ રીલીઝ થવાની છે પણ તે પહેલા કાર્તિક આર્યને પોતાના સોશિયલ મીડિયા એકાઉન્ટ પર પહેલું પોસ્ટર શેયર કર્યુ છે. કાર્તિક આર્યનની ફિલ્મ 'ભૂલ ભૂલૈયા ૩'ની દર્શકો આતુરતાથી રાહ જોઈ રહયા છે. કાર્તિક આર્યનની 'ભૂલ ભુલૈયા ૨' સુપરહિટ રહી હતી. ત્યારથી જ 'ભૂલ ભુલૈયા ૩' ને લઈને ઘણી ચર્ચામાં છે. કાર્તિકે ઈન્સ્ટાગ્રામ પર ફિલ્મના નવા પોસ્ટરની ઝલક શેયર કરી છે. તેમને ઈન્સ્ટાગ્રામ પર જે પોસ્ટર શેયર કર્યુ છે તેમ એક મોટો દરવાજો દેખાઈ રહ્યો છે અને તેની પર લોક લગાવેલું છે. એક્ટરે આની સાથે જબરદસ્ત કેપ્શન પણ આપ્યું છે. કાર્તિકે પોસ્ટ સાથે લખ્યું છે કે, 'દરવાજા ખુલેગા ઈસ દિવાલી ભૂલ ભુલૈયા ૩.' કાર્તિકની આ પોસ્ટ પર ફેન્સ ખૂબ કોમેન્ટ કરી રહ્યા છે. એક યૂઝરે લખ્યું છે કે, 'રૂહ બાબા જલદી આવી રહે છે.' ત્યારે એકે લખ્યું છે કે, 'ટ્રેલરની રાહ જોઈ રહ્યો છું.' એક યુઝરે કોમેન્ટ કરી છે કે, 'હવે વધારે રાહ નથી જોવાતી.' અન્ય એક યૂઝરે લખ્યું છે કે, 'ફાઈનલી તમે પોસ્ટ કરી અમે આની આતુરતાથી રાહ જોઈ રહ્યા હતા.' કાર્તિક આર્યનની ફિલ્મ ભૂલ ભૂલૈયા ૩ આ દિવાળી પર ધૂમ મચાવવા આવી રહી છે. બોક્સ ઓફિસ પર તેની ટક્કર અજય દેવગનની ફિલ્મ 'સિંઘમ અગેન' સાથે થશે. કાર્તિકની સાથે ફિલ્મમાં તૃપ્તિ ડિમરી અને વિદ્યા બાલન પણ મહત્વના રોલમાં છે. ફિલ્મને ટી-સીરીઝ અને સિને ૧ સ્ટુડિયોએ મળીને પ્રોડ્યુસ કરી છે. જ્યારે અને અનિષ બજમીએ ડાયરેક્ટ કરી છે.

# કરણ જોહર પર કેમ ગુસ્સે ભરાઈ ઝોયા અખ્તર

બોલિવૂડમાં અભિનેત્રી કરતા અભિનેતાને વધુ ફી ચૂકવવામાં આવે છે. તેમજ ફિલ્મોની સાથે કલાકારોની ફીમાં પણ વધારો થાય છે. પછી બોક્સ ઓફિસ પર તેમની ફિલ્મ ન ચાલે તો તેનું નુકસાન ફિલ્મમેકર્સે ભોગવવાનું રહેતું હોય છે. તાજેતરમાં ડાયરેક્ટરોની એક રાઉન્ડ ટેબલનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કરણ જોહરે કહ્યું હતું કે પુરૂષ કલાકારોની ફીમાં ફરી એકવાર ફેરફાર કરવાની જરૂર છે. આના પર ઝોયા અખ્તરે કરણ જોહરને ટકોર કરતા કહ્યું હતું કે, 'તેઓને ખબર નહીં પડે. પણ કરણ, તારે પૈસા આપવાનું બંધ કરવું પડશે, બસ.' ઝોયાની વાત સાંભળ્યા બાદ કરણે જવાબ આપ્યો કે, 'હવે મેં અભિનેતાઓને ઊંચી ફી આપવાનું બંધ કરી દીધું છે. જ્યારે પણ કોઈ અભિનેતા વધુ ફી માંગે છે, ત્યારે હું તેને પૂછું છું કે, તમારી છેલ્લી બે ફિલ્મો કઈ છે અને તમે કેટલી ઓપનિંગ ફિલ્મો આપી છે. આ આધારે જ તમારી ફી નક્કી કરવામાં આવશે.'કરણે 'કિલ' ફિલ્મ વિશે વાત કરતા કહ્યું કે, 'આ ફિલ્મમાં અમે એક નવો ચહેરો લીધો છે. આ એક એક્શન ફિલ્મ હતી અને તેની થીમ પણ ફિલ્મ જેવી જ હોવી જોઈએ. તેનું શૂટિંગ એક જ ટ્રેનમાં થવાનું હતું. તેમજ તમે આ ફિલ્મ અન્ય કોઈ પણ રીતે બનાવી શકો તેવું ન હતું. તેના કાસ્ટિંગ વિશે વાત કરતા, કરણે કહ્યું કે આ ફિલ્મના દરેક કલાકારે ફિલ્મના બજેટ જેટલા પૈસા લીધા છે.'ફિલ્મના બજેટ વિશે વાત કરતા કરણે જણાવ્યું કે 'આ ફિલ્મ ૪૦ કરોડ રૂપિયાના બજેટમાં બની હતી.



## બોલિવૂડ અભિનેત્રી ઉર્મિલા માતોંડકરના ૮ વર્ષોના સંબંધનો અંત


**બોલિવૂડ અભિનેત્રી ઉર્મિલા માતોંડકર લાંબા સમયથી મોટા પડદાથી દૂર છે, પરંતુ તે સોશિયલ મીડિયા પર એક્ટિવ રહે છે**




બોલિવૂડ અભિનેત્રી ઉર્મિલા માતોંડકર લાંબા સમયથી મોટા પડદાથી દૂર છે, પરંતુ તે સોશિયલ મીડિયા પર એક્ટિવ રહે છે. હવે ઉર્મિલા વિશે એવા સમાચાર આવી રહ્યા છે કે તેણે છુટાછેડાં માટે અરજી કરી છે. ઉર્મિલાએ કાશ્મીરના બિઝનેસમેન અને મોડલ મોહસિન અખ્તર મીર સાથેના તેના ૮ વર્ષના લગ્નજીવનનો અંત લાવવાનો નિર્ણય કર્યો છે. મીડિયા અહેવાલ મુજબ મુંબઈ કોર્ટના એક સૂત્રએ જણાવ્યું કે વર્ષ ૨૦૧૬માં લગ્ન કરનાર ઉર્મિલાએ કોર્ટમાં છુટાછેડાંની અરજી કરી છે.ઉર્મિલા મોહસિન અખ્તર મીરના છુટાછેડાં બાબતે એવું પણ કહેવામાં આવી રહ્યું છે કે બંનેના છુટાછેડાં પરસ્પર સહમતિથી નથી થઈ રહ્યા. જો કે અભિનેત્રીએ પોતે આ અંગે કોઈ પ્રતિક્રિયા આપી નથી. રિપોર્ટમાં સૂત્રના હવાલાથી કહેવામાં આવ્યું છે કે, ઉર્મિલાએ ખૂબ વિચાર કર્યા પછી મોહસિન સાથેના લગ્નનો અંત લાવવાનો નિર્ણય લીધો છે. તેણે અગાઉ કોર્ટમાં છુટાછેડાં માટે અરજી કરી છે. જો કે છુટાછેડાંનું કારણ હજુ જાણી શકાયું નથી.મોહસિન અખ્તર મીર કાશ્મીરનો એક બિઝનેસમેન અને મોડલ છે. ૨૧ વર્ષની ઉંમરે તે કાશ્મીરથી મુંબઈ આવ્યો હતો. તેનું સપનું બોલિવૂડમાં અભિનય કરવાનું હતું. તેણે ૨૦૦૯માં આવેલી ફિલ્મ 'ઈટ્સ અ મેન્સ વર્લ્ડ'થી અભિનયની શરૂઆત કરી હતી. આ પછી તે 'લક બાય ચાન્સ', 'મુંબઈ મસ્ત કલંદર' અને 'બીએ પાસ' જેવી ફિલ્મોમાં જોવા મળ્યો હતો. બાદમાં તેણે એક્ટિંગ છોડીને બિઝનેસની દુનિયામાં રહેવાનો નિર્ણય કર્યો. રિપોર્ટ્સ અનુસાર, મોહસિન મનીષ મલ્હોત્રાના લેબલ સાથે જોડાયેલો છે. ઉર્મિલા અને મોહસિને ૪ ફેબ્રુઆરી, ૨૦૧૬ના રોજ લગ્ન કર્યા હતા. તે સમયે, બંને અલગ અલગ ધર્મના હોવા ઉપરાંત બંને વચ્ચે ૧૦ વર્ષનો તફાવત હોવાને કારણે પણ ખૂબ જ ચર્ચા થઈ હતી. મોહસિન અને ઉર્મિલા પહેલીવાર ૨૦૧૪માં ડિઝાઈનર મનીષ મલ્હોત્રાની ભત્રીજીના લગ્નમાં મળ્યા હતા. આ પછી બંનેએ એકબીજાને લાંબા સમય સુધી ડેટ કર્યા બાદ લગ્ન કર્યા હતા.

# વીરઝારા ૨૦ વર્ષે રી રીલિઝ થઈ તો પણ ૧૦૦ કરોડ કમાઈ

**હવે આ યાદીમાં શાહરુખ ખાન, પ્રિટી ઝિન્ટા અને રાણી મુખરજીની ફિલ્મ 'વીર ઝારા' પણ સામેલ થઈ ગઈ છે**




બોલીવૂડ બોક્સ ઓફિસ પર નવો ટ્રેન્ડ જોવા મળ્યો છે. રી રીલિઝ થઈ રહેલી ફિલ્મો વર્ષો પહેલાંની તેમની મૂળ રીલિઝ વખતની કમાણી કરતાં વધુ કમાણી કરી રહી છે. હવે આ યાદીમાં શાહરુખ ખાન, પ્રિટી ઝિન્ટા અને રાણી મુખરજીની ફિલ્મ 'વીર ઝારા' પણ સામેલ થઈ ગઈ છે. ૨૦ વર્ષ પહેલાં આ ફિલ્મ રીલિઝ થઈ ત્યારે કુલ ૯૮ કરોડ કમાઈ હતી. આ વખતે રી રીલિઝમાં તે કુલ ૧૦૨ કરોડ કરતાં પણ વધારે કમાઈ ચૂકી છે.



મૂળ રીલિઝ વખતે આ ફિલ્મનાં ગીતો સુપરહિટ થયાં હતાં પરંતુ તેની સ્ટાર કાસ્ટને જોતાં તે અપેક્ષિત કમાણી કરી શકી ન હતી. જોકે, વર્ષો બાદ તેની લોકપ્રિયતા ઉત્તરોત્તર વધતી રહી હતી. આ અગાઉ તૃપ્તિ ડિમરીની 'લૈલા મજનૂ' અને સોહમ શાહની 'તુમ્બાડ' સહિતની ફિલ્મો પણ તેમની મૂળ રીલિઝ કરતાં રી રીલિઝમાં વધારે કમાણી કરી ચૂકી છે. નવી પેઢીના દર્શકો ઓટીટી પર સહજતાથી ઉપલબ્ધ એવી ફિલ્મો જોવા થિયેટર્સમાં આવી રહ્યા છે. તેના કારણે થિયેટર બિઝનેસના વર્તુળોમાં ખુશીની લહેર દોડી છે.

### લોકોના દિલ જીતનારી ફિલ્મ 'આશિકી ૨'

## શ્રદ્ધા કપૂર અને આદિત્ય રોયે તેમના ચાહકોએ આશિકી ૨ની યાદ અપાવી

તાજેતરમાં આદિત્ય અને શ્રદ્ધાનો એક વિડીયો ખૂબ જ વાયરલ થઈ રહ્યો છે જેમાં વરસાદ વચ્ચે એક ઈવેન્ટમાં છત્રી નીચે બંને એકબીજાને ગળે મળી રહ્યા છે.વર્ષ ૨૦૧૩માં રિલીઝ થયેલી લોકોના દિલ જીતનારી ફિલ્મ 'આશિકી ૨'ની આદિત્ય અને શ્રદ્ધાની કેમેસ્ટ્રી આજે પણ લોકોને ખૂબ પસંદ આવી રહી છે. આ ફિલ્મ રિલીઝ થયા પછી બંનેના અફેરની ચર્ચા થવા લાગી હતી. મીડિયા રિપોર્ટ્સમાં દાવો કરવામાં આવે છે કે બંને એક-બીજાને પ્રેમ કરતા હતા અને તેમને સાથે રહેવું પસંદ પણ હતું. બંને ડેટ પણ કરતા હતા. પણ વર્ષ ૨૦૧૬માં બંને અલગ થઈ ગયા હતા. ત્યારે તાજેતરમાં જ બંને એક ઈવેન્ટમાં એક બીજાને હગ કરતા જોવા મળ્યા છે. બંને આ રીતે જોઈને લોકોને 'આશિકી ૨'ની યાદ આવી ગઈ. હવે આ વિડીયો સોશિયલ મીડિયા પર ખૂબ ઝડપથી વાયરલ થઈ રહ્યો છે. તાજેતરમાં જ જ્યારે આદિત્ય અને શ્રદ્ધા એક સાથે જોવા મળ્યા ત્યારે વરસાદ થઈ રહ્યો હતો. વાયરલ થઈ રહેલા આ વિડીયોમાં શ્રદ્ધા કપૂર એક જગ્યાએ ઉભી છે ત્યારે આદિત્ય રોય પાછળથી આવીને તેને મળે છે. આદિત્યને જોતાં જ શ્રદ્ધા તેને ગળે લગાવે

**આદિત્ય અને શ્રદ્ધાની કેમેસ્ટ્રી આજે પણ લોકોને ખૂબ પસંદ આવી રહી છે**

છે. આ મોમેન્ટ તેમની ફિલ્મ 'આશિકી ૨'ના ગીત 'તુમ હી હો' જેવો જ છે. આ વિડીયોને જોઈને ફેન્સ ખૂબ ખુશ થઈ રહ્યા છે અને ખૂબ કોમેન્ટ કરી રહ્યા છે. જેમાં એક યુઝર લખે છે કે, 'વરસાદ અને ફરી બંને સાથે.' બીજાએ લખ્યું, 'બંને કેટલ ક્લાસી દેખાઈ રહ્યા છે.' આદિત્યની ડેટિંગ લાઈફ વિશે વાત કરી તો શ્રદ્ધા પછી પણ એક્ટરનું નામ ઘણી એક્ટ્રેસ સાથે જોડાયેલું છે. થોડા સમય પહેલા જ એક્ટર અનન્યા પાંડેને ડેટ કરી રહ્યા હતા. બંને ઘણી વાર સાથે દેખાયેલા છે. પરંતુ હવે બંનેના બ્રેકઅપ ના સમાચાર મળી રહ્યા છે. અને શ્રદ્ધાની વાત કરીએ તો તેનું નામ રાહુલ મોદી સાથે જોડાયેલું હતું. એક્ટ્રેસે થોડા સમય પહેલા જ રાહુલ મોદી સાથે ફોટો શેયર કરી રિલેશનશીપ કન્ફોર્મ કરી હતી. પરંતુ પછી અભિનેત્રીએ રાહુલને ઈન્સ્ટાગ્રામ પરથી અનફોલો કર્યો હતો અને અત્યારે રિપોર્ટ્સમાં અભિનેત્રીનું બ્રેકઅપ થયું જાણવા મળ્યું છે.



## નવ્યા નવેલી નંદા પર ભડક્યાં ઐશ્વર્યા રાય બચ્ચનના ફેન્સ



અભિષેક બચ્ચન અને ઐશ્વર્યા રાય બચ્ચન આ દિવસોમાં તેમના અંગત જીવનને કારણે સતત ચર્ચામાં છે. તાજેતરમાં જ ઐશ્વર્યા રાય બચ્ચન પેરિસ ફેશન વીકનો ભાગ બની હતી. આ દરમિયાન ઐશ્વર્યા રાય બચ્ચન તેની સગાઈની રીંગ ફ્લોન્ટ કરતી જોવા મળી હતી. આટલું જ નહીં ઐશ્વર્યા રાય બચ્ચને રેમ્પ પર વોક કરીને લોકોને દીવાના બનાવ્યા હતા. બધા ઐશ્વર્યા રાય બચ્ચનને જોતાં જ રહી ગયા હતા અને તેની પ્રશંસા કરી રહ્યા હતા.અભિષેક બચ્ચન અને ઐશ્વર્યા રાય બચ્ચન આ દિવસોમાં તેમના અંગત જીવનને કારણે સતત ચર્ચામાં છેઆ દરમિયાન ઐશ્વર્યા રાય બચ્ચનના કારણે અમિતાભ બચ્ચનની દોહિત્રી નવ્યા નવેલી નંદા સોશિયલ મીડિયા પર ટ્રોલ થઈ રહી છે. આ ટ્રોલિંગનું કારણ જાણીને તમે પણ ચોંકી જશો. આલિયા ભટ્ટ પણ 'પેરિસ ફેશન વીક ૨૦૨૪'નો ભાગ બની હતી. ફેશન વીક બાદ આલિયાએ તેના ઈન્સ્ટાગ્રામ પર તેની કેટલીક તસવીરો પોસ્ટ કરી છે. આ તસવીરોમાં આલિયા રેમ્પ પર વોક કરતી વખતે ફ્લાઈંગ કિસ કરતી જોવા મળે છે. આલિયાની પોસ્ટ પર તેની સાસુમા નીતુ કપૂર, નણંદ રિદ્ધિમા કપૂર સાહની અને મમ્મી સોની રાઝદાને કોમેન્ટ કરીને તેની પ્રશંસા કરી છે. જો કે લોકોનું ધ્યાન નવ્યા નવેલી નંદાની કોમેન્ટ પર ગયું હતું. નવ્યાએ આલિયાની પોસ્ટ પર કોમેન્ટ કરીને તેને ચીયર કરી છે. કોમેન્ટમાં નવ્યાએ કંઈ લખ્યું નથી, માત્ર બે ઈમોજી શેર કર્યા છે. આ માટે લોકો તેને ટ્રોલ કરી રહ્યા છે. લોકો કહે છે કે નવ્યા તેની મામી ઐશ્વર્યા રાય બચ્ચનને સપોર્ટ કરવાને બદલે આલિયા ભટ્ટને સપોર્ટ કરી રહી છે. નવ્યા નવેલી નંદાના જવાબમાં એકે લખ્યું, 'ઐશ્વર્યા ક્વીન.' તો કોઈએ કહ્યું, 'થોડો સ્પોર્ટ મામીને પણ કરી લો'.

### વિશ્વભરમાં તમાકુના સેવનથી મોતની સંખ્યા નિરંતર વધી રહી છે

# ભારતમાં પ્રતિ વર્ષ તમાકુના સેવનથી ૧૩ લાખ લોકોના મોત

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૬ ।

વિશ્વભરમાં તમાકુના સેવનથી મોતની સંખ્યા નિરંતર વધી રહી છે, જે ચિંતાજનક બાબત છે. આ દરમિયાન કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના રાજ્યમંત્રી પ્રતાપ રાવ જાધવે મંગળવારે કહ્યું કે ભારતમાં પ્રતિ વર્ષ તમાકુના સેવનથી ૧૩ લાખ લોકોના મોત થાય છે. લેડી હાર્ડિંગ મેડિકલમાં એક હાઈબ્રિડ કાર્યક્રમમાં તમાકુ મુક્ત યુવા અભિયાનની દ્વિતીય આવૃત્તિનો વર્ચુઅલી શુભારંભ કરતા, કેન્દ્રીય રાજ્યમંત્રી જાધવે કહ્યું કે, ભારતમાં પ્રતિ વર્ષ લગભગ ૧૩ લાખ લોકો તમાકુના કારણે પોતાના જીવને ગુમાવે છે. તેમણે કહ્યું કે, યુવાનોની વચ્ચે તમાકુ એક ફેશન સ્ટેટમેન્ટ બની ગયું છે, પરંતુ તેનાથી કેન્સર જેવી ખતરનાક બીમારીઓ થઈ શકે છે. તમાકુ મુક્ત યુવા અભિયાન ૨.૦ના ઉદ્દેશ્ય યુવાઓના સ્વાસ્થ્ય અને તંદુરસ્તીને તમાકુના હાનિકારક પ્રભાવોથી બચાવવાનું છે. આ અંતર્ગત રાજ્યમંત્રીએ ભારતભરના આરોગ્ય સંસ્થાઓમાં તમાકુ મુક્તિ કેન્દ્રોનું પણ ઉદ્ઘાટન કર્યું હતું. પ્રતાપરાવ જાધવે યુવાનોને તમાકુના સેવનને બદલે પોતાના સ્વાસ્થ્યને પ્રાથમિકતા આપવા માટે પ્રેરિત કર્યા, કારણ કે યુવાનો જ દેશના વિકાસ સાથે જોડાયેલા છે. સારુ સ્વાસ્થ્ય આંતરિક રીતે પણ વ્યક્તિના જીવનમાં આનંદ પ્રસરાવે છે.

### કોર્ટે યુવકનું લાઈસન્સ બે વર્ષ માટે સસ્પેન્ડ કરવા આદેશ કર્યો

# પાર્કિંગમાં રમતા બાળકનો જીવ લેનાર યુવકને ૧૫ મહિના કેદની સજા ફટકારાઈ

### આરોપીને સજા ફટકારતા ચુકાદામાં કોર્ટે નોંધ્યું હતું કે, આવા કિસ્સા વધી રહ્યાં છે, આરોપી સામે કેસ નિઃશંક પણે પુરવાર થાય છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૬ ।

શહેરના રિવરફ્રન્ટ પર પાર્કિંગમાં રમતા બાળકને અકસ્માત કરી જીવ લેનાર યુવકને એડિશનલ ચીફ જ્યુડિશીયલ મેજિસ્ટ્રેટ સંદીપસિંહ જી. ડોડીયાએ ૧૫ મહિના કેદની સજા ફટકારી છે. આ ઉપરાંત યુવકનું લાઈસન્સ ૨ વર્ષ માટે સસ્પેન્ડ કરવા આદેશ કર્યો છે. બીજી તરફ મૃતક બાળકના પરિવારને વળતર પેટે ૫ લાખ ચુકવવા નિર્દેષ આપ્યો છે. આરોપીને સજા ફટકારતા ચુકાદામાં કોર્ટે નોંધ્યું હતું કે, આવા કિસ્સા વધી રહ્યાં છે, આરોપી સામે કેસ નિઃશંક પણે પુરવાર થાય છે. આરોપીએ હાઈ સ્પીડ અને બેદરકારીને કારણે વાહન ચલાવાથી બાળકનું મોત થયું હોવાનું પુરવાર થાય છે છે ત્યારે આવા આરોપી સામે દયા ન દાખવી શકાય. શહેરના નારોલ વિસ્તારમાં રહેતા જ્ઞાનેશ્વર માણીકરાવ ચીકરે ૨૨ મે ૨૦૨૨ના રોજ પોતાના અઢી વર્ષના દીકરા ધીરજને લઈ રીવરફ્રન્ટ ખાતે ગયા હતા. જ્યાં દીકરો રિવરફ્રન્ટના પાર્કિંગમાં રમતો હતો. ત્યારે એક કાર પુર ઝડપે આવી હતી અને દીકરાને અડફેટે લઈ જતી રહી હતી. જેથી જ્ઞાનેશ્વર પોતાના દીકરા પાસે પહોંચ્યા હતા. ત્યારે તે મૃત્યુ પામ્યો હતો. આ મામલે તેમણે એમ ડિવીઝન ટ્રાફિક પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. ત્યારબાદ સીસીટીવી ફૂટેજ તપાસી પોલીસે કાર હંકારનાર ૨૨ વર્ષિય પાર્થ શૈલેષભાઈ પટેલને ઝડપી લીધો હતો. ત્યારબાદ તેની સામે ચાર્જશીટ કરતા કેસ મેટ્રોકોર્ટમાં ચાલવા પર આવ્યો હતો. જેમાં સરકારી વકીલ કે.એસ.ચૌધરીએ પુરતા સાક્ષી તપાસી અને દસ્તાવેજી પુરાવા રજૂ કરતા કોર્ટને જણાવ્યું હતું કે, આવા કિસ્સા વધી રહ્યાં છે, બેફામ કાર હંકારી અકસ્માત થતા નિર્દોષ લોકોના મોત થઈ રહ્યાં છે, આરોપી સામે ગુનો પુરવાર થાય છે, ત્યારે સમાજમાં દાખલો બેસે અને આવા આરોપીઓમાં કાયદાનો ભય રહે તે હેતુને ધ્યાને રાખી આરોપીને કાયદામાં દર્શાવેલ પુરેપુરી સજા કરવી જોઈએ.

### રેલવે ટ્રેક પર પાણી ભરાયા, શાળા-કોલેજો બંધ

# મહારાષ્ટ્રના અનેક શહેરોમાં ભારે વરસાદને કારણે સ્થિતિ ચિંતાજનક



। (એજન્સી) મુંબઈ, તા.૨૬ ।

મહારાષ્ટ્રના અનેક શહેરોમાં ભારે વરસાદને કારણે સ્થિતિ ચિંતાજનક છે. રસ્તાઓ પર પાણી ભરાઈ જવાને કારણે જનજીવન ખરાબ રીતે પ્રભાવિત થયું છે. પુણે અને પિંપરી ચિંચવડમાં શાળા-કોલેજો બંધ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. મુંબઈ પોલીસે લોકોને સતર્ક રહેવા અને હવામાન વિભાગ દ્વારા આપવામાં આવેલી ચેતવણીને ગંભીરતાથી લેવાની અપીલ કરી છે. રેલવે કામગીરીને પણ અસર થઈ છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, મહારાષ્ટ્રના રાયગઢ, રત્નાગીરી ઉપરાંત કોંકણ અને ગોવા, દરિયાકાંઠાના આંધ્ર પ્રદેશ અને યાનમ, પૂર્વ મધ્ય પ્રદેશ, ઉપ-હિમાલયથી પશ્ચિમ બંગાળ અને સિક્કિમ, મરાઠવાડા, કોસ્ટલ કર્ણાટકમાં અલગ-અલગ સ્થળોએ ભારેથી અતિ ભારે વરસાદ પડી શકે છે. બિહાર શક્ય છે. રાયલસીમા, ગુજરાત પ્રદેશ, છત્તીસગઢ, પશ્ચિમ મધ્યપ્રદેશ, ગંગાજળ પશ્ચિમ બંગાળ, ઓડિશા, મધ્ય મહારાષ્ટ્ર, કર્ણાટક અને તેલંગાણાના ભાગોમાં છૂટાછવાયા સ્થળોએ પણ ભારે વરસાદની અપેક્ષા છે. ખરાબ હવામાનના કારણે અકસ્માતમાં એક મહિલાના મોતના સમાચાર મુંબઈમાં પણ સામે આવ્યા છે. અંધેરીના MIDC વિસ્તારમાં ખુલ્લી ગટરમાં ૪૫ વર્ષીય વિમલ ગાયકવાડનું ડૂબી જવાથી મોત થયું હતું. બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિકારીઓએ જણાવ્યું હતું કે મુંબઈ ફાયર બ્રિગેડે તેને બહાર કાઢી કૂપર હોસ્પિટલમાં લઈ જવામાં આવી હતી. પરંતુ ડૉક્ટરોએ તેને મૃત જાહેર કરી હતી. મુશળધાર વરસાદને કારણે ગોવંડી-માનખુર્દ વચ્ચે દોડતી મુંબઈ લોકલ ટ્રેનોના સંચાલનને પણ અસર થઈ હતી. મધ્ય રેલવેના મુખ્ય જનસંપર્ક અધિકારી (CPRO)એ જણાવ્યું હતું કે પાટા પરનું પાણી ઓછુ થયા બાદ હાર્બર લાઈન લોકલ ટ્રેનોએ ફરી સેવા શરૂ કરી હતી. તેમણે કહ્યું કે કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે ટ્રેનોને સાવધાની સાથે ચલાવવામાં આવી રહી છે. ઝડપ મહત્તમ ૨૫ કિમી પ્રતિ કલાક સુધી મર્યાદિત છે. બુધવારે મુંબઈમાં મુશળધાર વરસાદ બાદ શહેરના ઘણા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા હતા અને ટ્રાફિક જામ જોવા મળ્યો હતો. રાત્રે લગભગ ૧૧.૩૦ વાગ્યે મુંબ્રા બાયપાસ પર ભૂસ્ખલન થયું હતું. મુંબઈના કુર્લા ઈસ્ટ, નેહરુ નગર, ચેમ્બુરમાં પણ પાણી ભરાયાની તસવીરો જોવા મળી હતી. કુર્લા બ્રિજ પર પણ વાહનો અવરજવર કરતા હતા. ફાયર વિભાગના અધિકારી સ્વપ્નિલ સરનોબતે જણાવ્યું હતું કે ટ્રાફિક જામના કારણે લોકો લગભગ ૩ કલાક સુધી અટવાયા હતા.

# ‘વિધવાને મેકઅપનું શું કામ? હાઇકોર્ટની ટિપ્પણી પર SCએ આપ્યો ઠપકો

### સુપ્રીમ કોર્ટ ૧૯૮૫ના એક હત્યા કેસમાં પટના હાઈકોર્ટના નિર્ણય વિરુદ્ધ દાખલ કરવામાં આવેલી અપીલની સુનાવણી કરી રહી હતી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૬ ।

સુપ્રીમ કોર્ટે બુધવારે વિધવા અને મેક-અપ પર હાઈકોર્ટની ટિપ્પણીઓને “અત્યંત વાંધાજનક” ગણાવી હતી. હકીકતમાં, એક કેસમાં પટના હાઈકોર્ટે કહ્યું હતું કે વિધવાને મેકઅપ કરવાની જરૂર નથી. તેના એક આદેશ પર સુપ્રીમ કોર્ટે કહ્યું કે હાઈકોર્ટની આવી ટિપ્પણીઓ કોર્ટ પાસેથી અપેક્ષિત સંવેદનશીલતા અને તટસ્થતા અનુસાર નથી. મળતી માહિતી મુજબ હાલના કેસમાં સુપ્રીમ કોર્ટ ૧૯૮૫ના એક હત્યા કેસમાં પટના હાઈકોર્ટના નિર્ણય વિરુદ્ધ દાખલ કરવામાં આવેલી અપીલની સુનાવણી કરી રહી હતી. આ કેસમાં એક મહિલાનું અપહરણ કરીને હત્યા કરવામાં આવી હતી. જમીન કબજે કરવા માટે આ હત્યા કરવામાં આવી હોવાનો આરોપ છે. આ મામલામાં હાઈકોર્ટે ૫ લોકોની સજાને યથાવત રાખી હતી અને અન્ય બે સહઆરોપીઓને નિર્દોષ છોડવાના નિર્ણયને ફગાવી દીધો હતો. કોર્ટે અન્ય બે વ્યક્તિઓને પણ દોષિત ઠેરવ્યા હતા, જેમને અગાઉ નીચલી અદાલતે તમામ આરોપોમાંથી મુક્ત કર્યા હતા અને તેમને આજીવન કેદની સજા ફટકારી હતી. સુપ્રીમ કોર્ટે પોતાના નિર્ણયમાં કહ્યું કે, રેકોર્ડ પર એવો કોઈ સીધો પુરાવો નથી કે જે સાબિત કરે કે આરોપી એ હત્યા કરી છે. માત્ર મેક-અપની કેટલીક વસ્તુઓની હાજરી એ પુરાવો ન હોઈ શકે કે સ્ત્રી તે ઘરમાં રહેતી હતી, જ્યારે ત્યાં બીજી સ્ત્રી પણ ત્યાં રહેતી હતી. કોર્ટે તમામ આરોપોમાંથી તમામ સાત આરોપીઓને નિર્દોષ જાહેર કર્યા છે. સુપ્રીમ કોર્ટના જસ્ટિસ બેલા એમ ત્રિવેદી અને સતીશ ચંદ્ર શર્માની બેન્ચે જણાવ્યું હતું કે, હાઈકોર્ટે એ પ્રશ્નની તપાસ કરી છે કે શું પીડિતા ખરેખર તે ઘરમાં રહેતી હતી કે જ્યાંથી તેનું કથિત રીતે અપહરણ કરવામાં આવ્યું હતું. સર્વોચ્ચ અદાલતે એમ પણ કહ્યું હતું કે મહિલાના મામા અને બનેવી તથા તપાસ અધિકારીની જુબાનીના આધારે હાઈકોર્ટ એ નિષ્કર્ષ પર આવી હતી કે પીડિતા આ ઘરમાં રહેતી હતી. ખંડપીઠે કહ્યું કે તપાસ અધિકારીએ ઘરનું નિરીક્ષણ કર્યું હતું અને મેક-અપની કેટલીક વસ્તુઓ સિવાય પીડિતા ખરેખર ત્યાં રહેતી હોવાનું દર્શાવતું કંઈ મળ્યું નથી. તપાસમાં જણાવાયું છે કે અન્ય એક મહિલા, જે વિધવા હતી, તે પણ ઘરના આ જ ભાગમાં રહેતી હતી. ખંડપીઠે કહ્યું કે હાઈકોર્ટે આ હકીકતની નોંધ લીધી હતી, પરંતુ બીજી મહિલા વિધવા હોવાથી, “મેક-અપની વસ્તુઓ તેની ન હોઈ શકે, કારણ કે વિધવા હોવાને કારણે તેને મેકપની કોઈ જરૂર ન હતી.” બેન્ચે તેના ચુકાદામાં કહ્યું હતું કે, “અમારા મતે, હાઈકોર્ટના અવલોકનો માત્ર કાયદાકીય રીતે અયોગ્ય નથી પણ અત્યંત વાંધાજનક પણ છે.

### બે બાળકીઓને બચાવી લેવાઇ

# જિતિયા વ્રત દરમિયાન તળાવમાં ડૂબી જવાથી ૮ બાળકોના મોત

### મદનપુરના કુસા ગામમાં તળાવમાં ડૂબવાથી એક ૧૦ વર્ષીય બાળક, બે ૧૨ વર્ષીય બાળકી અને એક ૧૩ વર્ષીય બાળકીનું મોત થયું

। (એજન્સી) મુંબઈ, તા.૨૬ ।

મહારાષ્ટ્રના છત્રપતિ સંભાજી નગરમાં જિતિયા વ્રત ટાણે મોટી દુર્ઘટના ઘટી છે. અહીં બે અલગ અલગ ઘટનામાં તળાવમાં સ્નાન કરતી વખતે ડૂબવાથી આઠ બાળકોના મોત થયા છે, જ્યારે બે બાળકીઓને બચાવી લેવાઈ હતી. આ ઘટનાથી સમગ્ર શહેરમાં શોકની લાગણી પ્રસરી ગઈ છે. ઘટનાની જાણકારી મળતા જ સ્થાનિક વહિવટી તંત્રની ટીમો ઘટનાસ્થળ પર પહોંચી હતી અને ગ્રામીણ લોકોની મદદથી બાળકોના મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલ મોકલ્યા હતા. મળતી જાણકારી મુજબ, મદનપુરના બારુણ પ્રખંડમાં બે અલગ અલગ ઘટનામાં ડૂબી જતા ૮ બાળકોના મોત થયા છે. બારુણ પ્રખંડના જિતિયા ઉત્સવને લઈને પાંચ બાળકો તળાવમાં સ્નાન કરવા ગયા હતા. જ્યાં સ્નાન કરતી વખતે એક પછી એક બધા બાળકો લપસીને ડૂબવા લાગ્યા હતા. આ સમયે ત્યાં હાજર અન્ય બાળકોએ હોબાળો કરતાં ગ્રામીણ લોકો બાળકોને બચાવવા તળાવમાં કૂદ્યા હતા. જો કે, તેઓ એક ૧૬ વર્ષીય બાળકી સિવાય અન્યને બચાવવામાં નિષ્ફળ ગયા હતા. હાલ મૃતક બાળકોની ઓળખ કરવામાં આવી છે. જેમાં ૯ વર્ષ અને ૧૧ વર્ષની બે સગી બહેનો, એક ૧૨ વર્ષીય બાળકી અને એક ૧૦ વર્ષીય બાળકી સામેલ છે. બીજી ઘટનામાં, મદનપુરના કુસા ગામમાં તળાવમાં ડૂબવાથી એક ૧૦ વર્ષીય બાળક, બે ૧૨ વર્ષીય બાળકી અને એક ૧૩ વર્ષીય બાળકીનું મોત થયું છે. આ ઘટનામાં ગ્રામીણો દ્વારા એક ૧૩ વર્ષીય બાળકીને બચાવી લેવાઈ હતી. હાલ આ બંને ઘટનાઓના પગલે સમગ્ર શહેરમાં તહેવાર ટાણે શોકની લાગણી પ્રસરી છે. આ ઘટના અંગે એસડીએમ એ જણાવ્યું કે, મૃતક બાળકોના પરિજનોને વળતરના રૂપિયા આપવાની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે.

### પેરાસિટામોલ સહિતની ૫૩ દવા ગુણવત્તા પરીક્ષણમાં નિષ્ફળ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૬ ।

જો તમે પણ પેરાસિટામોલ કે વિટામિનની દવાનો ઉપયોગ કરતા હોવ તો સતર્ક થઈ જજો. કેન્દ્રીય ઔષધી ધોરણ નિયંત્રણ સંગઠન (CDSCO) ના રિપોર્ટમાં ખુલાસો થયો છે કે, પેરાસિટામોલ સહિત ૫૩ દવાઓ ગુણવત્તા પરીક્ષણ પાસ કરવામાં નિષ્ફળ થઈ ગઈ છે. જેમાં કેલ્શિયમ, વિટામિન ડ્ઢ૩ની ગોળીઓ, ડાયાબિટીસની દવાઓ અને હાઈ બ્લડપ્રેશરની દવાઓ સહિત ૫૦ અન્ય દવાઓ સામેલ છે. આ પરીક્ષણમાં તે મોટી કંપનીઓ દ્વારા બનાવાતી અનેક દવાઓ નિષ્ફળ ગઈ છે. જેમાં હેટેરો ડ્રગ્સ, એલ્કેમ લેબોરેટરીઝ, હિન્દુસ્તાન એન્ટિબાયોટિક્સ લિમિટેડ (એચએએલ) અને કર્ણાટક એન્ટિબાયોટિક્સ એન્ડ ફાર્માસ્યુટિકલ્સ લિમિટેડનો સમાવેશ થાય છે.

### મમતાએ કેન્દ્ર સરકાર પર આક્ષેપ કર્યા

# PMAY યોજના અંતર્ગત બંગાળને ત્રણ વર્ષથી ફંડ મળ્યું નથી : મમતા બેનરજી

### આ સાથે મમતા બેનરજીએ જણાવ્યું કે, જિલ્લામાં ૧૧ લાખ ઘરો માટે જ પૈસા રિલીઝ કરવામાં આવશે

। (એજન્સી) પશ્ચિમ બંગાળ, તા.૨૬ ।

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજીએ મંગળવારે કેન્દ્રની ભાજપ સરકાર પર છેલ્લા ત્રણ વર્ષોથી વડાપ્રધાન આવાસ યોજના(પીએમએવાય) અંતર્ગત રાજ્ય સરકારને ફંડ નહીં આપવાનો આરોપ લગાવ્યો છે. બોલપુરમાં વહીવટીય સમીક્ષા બેઠક દરમિયાન મુખ્યમંત્રી મમતા બેનરજીએ કહ્યું કે, છેલ્લા ત્રણ વર્ષોથી અમને પીએમએવાય અંતર્ગત કોઈ ફંડ મળ્યું નથી. કુલ ૧.૭૦ લાખ કરોડ રૂપિયાનું કેન્દ્રીય ફંડ અમને મળવાનું હજુયે બાકી છે. તેમ છતાં, અમે અમારા મર્યાદિત સંસાધનોથી યથાશક્તિથી વધુ ઘર ફાળવવાના પ્રયાસ કરી રહ્યા છીએ. આ સાથે મમતા બેનરજીએ જણાવ્યું કે, જિલ્લામાં ૧૧ લાખ ઘરો માટે જ પૈસા રિલીઝ કરવામાં આવશે. તેમજ પૂરના કારણે ક્ષતિગ્રસ્ત થયેલા રોડ-રસ્તાઓના સમારકામનો ખર્ચ ધારાસભ્યોને અપાતી વિકાસલક્ષી ગ્રાન્ટમાં કરાશે. રાજ્યમાં પૂરની સ્થિતિ પર બોલતા



મુખ્યમંત્રી બેનરજીએ જણાવ્યું કે, જોકે હજુ સ્થિતિમાં કેટલીક હદ સુધી સુધારો થયો છે, પરંતુ રાજ્યના કેટલાક વિસ્તારોમાં હજુયે પાણી ભરાયેલા છે. આ સાથે તેમણે ઉમેર્યું કે એ પણ દુર્ભાગ્યપૂર્ણ છે કે પશ્ચિમ બંગાળમાં ફક્ત વરસાદને કારણે જ પૂર આવતું નથી, પરંતુ ઝારખંડમાંથી છોડવામાં આવતા પાણીને કારણે પણ રાજ્યમાં પૂર આવે છે.

# પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વ અને કેન્દ્રીય ગૃહમંત્રી અને સહકાર મંત્રી અમિત શાહના માર્ગદર્શન હેઠળ ગૃહ મંત્રાલય સ્વચ્છ ભારત અભિયાન માટે પ્રતિબદ્ધ છે

### સ્વચ્છ ભારત અભિયાન હેઠળ સ્વચ્છતા અને સતત લોકોની સક્રિય ભાગીદારી સુનિશ્ચિત કરવા માટે ગૃહ મંત્રાલય દ્વારા અનેક પ્રયાસ કરવામાં આવી રહ્યાં છે







। નવી દિલ્હી ।

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં અને કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિત શાહના માર્ગદર્શન હેઠળ ગૃહ મંત્રાલય સ્વચ્છ ભારત અભિયાન માટે કટિબદ્ધ છે. સ્વચ્છ ભારત અભિયાન હેઠળ લોકોની સ્વચ્છતા અને સતત સક્રિય ભાગીદારી સુનિશ્ચિત કરવા માટે ગૃહ મંત્રાલય દ્વારા ઘણા પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. આ પ્રયાસોના ભાગરૂપે સચિવ (સરહદી વ્યવસ્થાપન) શ્રી રાજેન્દ્ર કુમારે નોર્થ બ્લોકમાં ગૃહ મંત્રાલયના અધિકારીઓ અને કર્મચારીઓને સ્વચ્છતાના શપથ અપાવ્યા.

ગૃહ મંત્રાલયના અધિકારીઓ અને કર્મચારીઓએ નોર્થ બ્લોક પરિસરમાં સ્વચ્છતા માટે શ્રમદાન પણ કર્યું હતું. આ કાર્યક્રમ સ્વચ્છ ભારત અભિયાન હેઠળ સ્વચ્છતા અને લોકોની સક્રિય ભાગીદારી સુનિશ્ચિત કરવાની દિશામાં ગૃહ મંત્રાલય દ્વારા કરવામાં આવી રહેલા અનેક પ્રયાસોમાંનો એક છે. સ્વચ્છતાના સંકલ્પમાં આપણી આસપાસના વિસ્તારને સ્વચ્છ રાખવા, કચરાના જવાબદાર નિકાલને પ્રોત્સાહન આપવા અને દૈનિક જીવનમાં સાતત્યપૂર્ણ પદ્ધતિઓ અપનાવવાના મહત્વ પર ભાર મૂકવામાં આવ્યો હતો.

આ પ્રસંગે, સચિવ (સરહદી વ્યવસ્થાપન) એ ગૃહ મંત્રાલયના તમામ અધિકારીઓ અને કર્મચારીઓને તેમના વ્યક્તિગત અને વ્યાવસાયિક જીવનમાં સ્વચ્છ ભારત અભિયાનમાં યોગદાન આપવાનું ચાલુ રાખવા પ્રોત્સાહન આપ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, ગૃહ મંત્રાલય સ્વચ્છ, ગ્રીન ઈન્ડિયાનાં વિઝન માટે કટિબદ્ધ છે અને પર્યાવરણનાં સંરક્ષણ માટે સ્વચ્છતા, સ્થાયીત્વ અને જવાબદારીને પ્રોત્સાહન આપતી પહેલોમાં સક્રિયપણે સામેલ થવાનું ચાલુ રાખશે.

સ્વચ્છ ભારત અભિયાન પ્રત્યે પોતાની પ્રતિબદ્ધતા દર્શાવીને મોટી સંખ્યામાં ગૃહ મંત્રાલયના અધિકારીઓ અને કર્મચારીઓએ સફાઈની પ્રવૃત્તિઓમાં ભાગ લીધો હતો અને એ સુનિશ્ચિત કર્યું હતું કે ઓફિસ પરિસરમાં સામાન્ય જગ્યાઓ કચરાથી મુક્ત હોય. આ સામૂહિક સ્વચ્છતા અભિયાન પર્યાવરણને સ્વચ્છ રાખવા માટે દરેક વ્યક્તિની જવાબદારી દર્શાવવાના પ્રયાસનું કામ કરે છે.

પર્યાવરણ સંરક્ષણ અને હરિયાળા ભવિષ્ય પ્રત્યે પોતાનું સમર્પણ દર્શાવતા, ગૃહ મંત્રાલયના અધિકારીઓ અને કર્મચારીઓએ ‘એક પેડ મા કે નામ‘ અભિયાન હેઠળ નોર્થ બ્લોકમાં સ્થિત ઉદ્યાનમાં મોટી સંખ્યામાં રોપાઓનું પણ વાવેતર કર્યું હતું.

**ન્યૂઝ બ્રિફ**

## બોર્ડર ક્રોસ કરે તે પહેલા જ ખાવડા પોલીસે યુવકને પકડી લીધો

। (એજન્સી) કચ્છ, તા.૨૬ ।

કચ્છના ખાવડા ગામેથી જમ્મુ કાશ્મીરનો યુવક પકડી પાડવામાં આવ્યો છે. આ યુવક ભારત-પાકિસ્તાનની સરહદ પાર કરીને પાકિસ્તાન જવા ઈચ્છતો હતો, જે માટે તે કચ્છમાં આવ્યો હતો. યુવક દેશની સીમા ઓળંગી પાકિસ્તાનમાં રહેતી પ્રેમિકાને મળવા જવાનો હતો જોકે તે બોર્ડર ક્રોસ કરે તે પહેલા જ ખાવડા પોલીસે યુવકને પકડી લીધો હતો અને તેની પુછપરછ હાથ ધરી હતી. મળતી માહિતી મુજબ જમ્મુ-કાશ્મીરનો એક યુવક પાકિસ્તાન તેની પ્રેમિકાના મળવા માટે કચ્છથી ભારત-પાકિસ્તાન બોર્ડર ક્રોસ કરવાનો પ્રયાસ કરી રહ્યો હતો જે સમયે પોલીસે તેને પકડી પાડી પુછપરછ હાથ ધરી હતી.

## ગુજરાતના મહાનગરોમાં ટ્રાફિકની સમસ્યા દિવસે ને દિવસે માથાનો દુખાવો

। (એજન્સી) અમદાવાદ, તા.૨૬ ।

ગુજરાતના મહાનગરોમાં ટ્રાફિકની સમસ્યા દિવસે દિવસે વધતી જઈ રહી છે. જેના નિવારણ માટે રાજ્ય સરકારે મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. જેના માટે તમામ મહાનગરોના કમિશનર તથા શહેર પોલીસ વડાની અધ્યક્ષતામાં મહિનામાં એક વાર બેઠક બોલાવી સમસ્યા અંગે ચર્ચા કરવા અંગે નિર્ણય લેવામાં આવ્યો છે.

મહાનગરોમાં ટ્રાફિકની સમસ્યા નિવારવા સરકારનો મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. અમદાવાદ, સુરત, રાજકોટ અને વડોદરામાં ટ્રાફીક નિવારણ માટે મોટો નિર્ણય લેવામાં આવ્યો છે.

ચારેય મહાનગરોમાં ટ્રાફિકના પ્રશ્નોના નિવારણ માટે મહિનામાં એકવાર બેઠક કરવી ફરજિયાત રહેશે. તમામ મનપાના કમિશનર તથા શહેર પોલીસ વડાની અધ્યક્ષતામાં ફરજિયાત બેઠક યોજવી પડશે.

**દેશભરના પ્રવાસીઓ આવશે ગુજરાત । ગરવી ગુજરાત ભારત ગૌરવ પ્રવાસી ટ્રેન ૧ ઓક્ટોબર, ૨૦૨૪ના રોજ દિલ્હીથી લીલી ઝંડી બતાવી રવાના કરાશે**

# ગરવી ગુજરાત ભારત ગૌરવ ટ્રેન શરૂ થશે

। (એજન્સી) અમદાવાદ,તા.૨૬ ।

દેશવાસીઓને ભવ્ય ઐતિહાસિક, સાંસ્કૃતિક અને ધાર્મિક વારસાની ઝલક આપવા અને પ્રોત્સાહન આપવાના ઉદ્દેશ્ય સાથે ભારતીય રેલવે કેટરિંગ એન્ડ ટુરિઝમ કોર્પોરેશન (IRCTC)દ્વારા દેશમાં સમયાંતરે ભારત ગૌરવ પ્રવાસી ટ્રેનોનું સંચાલન કરવામાં આવે છે. આ કેટેગરીમાં ''ગરવી ગુજરાત'' ભારત ગૌરવ ડીલક્સ એસી ટૂરિસ્ટ ટ્રેન IRCTC ચલાવશે. ગરવી ગુજરાત ભારત ગૌરવ પ્રવાસી ટ્રેન ૧ ઓક્ટોબર, ૨૦૨૪ના રોજ દિલ્હીથી લીલી ઝંડી બતાવી રવાના કરાશે. ઈન્ડિયન રેલવે એન્ડ ટૂરિઝમ કોર્પોરેશન 'જુઓ પોતાનો દેશ' હેઠળ પૂર્વોત્તર રાજ્યોની મુસાફરી કરવા માટે એક ખાસ ટ્રેન (Special Train)ની શરુઆત કરવા જઈ રહી છે. ''ગરવી ગુજરાત'' ભારત ગૌરવ ડીલક્સ એસી ટૂરિસ્ટ ટ્રેનની આખી સફર ૧૦ દિવસની છે. આ સમય દરમિયાન પ્રવાસીઓ આ ટ્રેન દ્વારા સોમનાથ, નાગેશ્વર જ્યોતિર્લિંગ, દ્વારકાધીશ મંદિર અને મહાકાલી મંદિર જેવા પ્રખ્યાત મંદિરોની મુલાકાત લઈ શકશે. આ ઉપરાંત તે



પ્રવાસીઓને ઐતિહાસિક કીર્તિ તોરણ (વડનગર), મોઢેરા સૂર્ય મંદિર, રાની કી વાવ અને દીવ કિલ્લા જેવા હેરિટેજ સ્થળો પર પણ લઈ જશે. દેશભરના ૨૪ રાજ્યોમાં ૧૮૦ થી વધુ ભારત ગૌરવ પ્રવાસી ટ્રેનો ચલાવવામાં આવી છે. ગરવી ગુજરાત'' ભારત ગૌરવ ડીલક્સ એસી ટૂરિસ્ટ ટ્રેન ઘણી બધી અત્યાધુનિક મુસાફરોની સુવિધાઓથી સજ્જ છે. આ ટ્રેનમાં મુસાફરો માટે બે ડાઈનિંગ રેસ્ટોરન્ટ અને આધુનિક રસોડું છે. તેના કોચમાં શાવર ક્યુબિકલ્સ, સેન્સર આધારિત વૉશરૂમ ફંક્શન અને ફૂટ મસાજર પણ છે. આ સંપૂર્ણ વાતાનુકૂલિત ટ્રેનમાં ફર્સ્ટ એસી, સેકન્ડ એસી અને થર્ડ એસી સુવિધાઓ ઉપલબ્ધ છે. ટ્રેનના દરેક કોચમાં CCTV કેમેરા લગાવવામાં આવ્યા છે અને સુરક્ષા ગાર્ડની પણ ેગવાઈ છે. આ ટ્રેનની ક્ષમતા ૧૫૦ મુસાફરોની છે. પ્રવાસીઓ દિલ્હી સફદરજંગ, ગુડગાંવ, રેવાડી, રિંગાસ, ફુલેરા, અજમેર રેલવે સ્ટેશનો પર આ પ્રવાસી ટ્રેનમાં ચઢી અને ઉતરી શકે છે. ''ગરવી ગુજરાત'' ભારત ગૌરવ ડીલક્સ એસી ટૂરિસ્ટ ટ્રેનનું આ પેકેજ ૧૦ દિવસનું રહેશે. આ સમય દરમિયાન પ્રવાસીઓ આ ટ્રેન દ્વારા સોમનાથ, નાગેશ્વર જ્યોતિર્લિંગ, દ્વારકાધીશ મંદિર અને પાવાગઢના મહાકાલી મંદિર જેવા પ્રખ્યાત મંદિરોની મુલાકાત લઈ શકશે. આ ઉપરાંત તે પ્રવાસીઓને ઐતિહાસિક કીર્તિ તોરણ (વડનગર), મોઢેરા સૂર્ય મંદિર, રાની કી વાવ અને દીવ કિલ્લા જેવા હેરિટેજ સ્થળો પર પણ લઈ જશે. દિલ્હીથી રવાના થયા પછી, આ ટ્રેનનું પ્રથમ સ્ટોપ અમદાવાદ હશે, જ્યાં પ્રવાસીઓ ૨જી ઓક્ટોબરે ગાંધી જયંતીના અવસરે સાબરમતી આશ્રમની મુલાકાત લઈ શકશે.

**બ્લાસ્ટના કારણે આગ લાગતા લેબોરેટરીને નુકસાન**

## ડીસામાં પેથોલોજી લેબોરેટરીમાં બેટરી બ્લાસ્ટ થતા લાગી આગ

### લેબોરેટરીમાં ચાર્જિંગમાં મૂકવામાં આવેલી ઇલેક્ટ્રિકલ ટુ-વ્હીલરની બેટરીમાં બ્લાસ્ટ થતા આગ લાગી હતી

। (એજન્સી) ડીસા,તા.૨૬ ।

રાજ્યમાં આગની ઘટનાઓ દિવસેને દિવસે વધતી જઈ રહી છે. જે એક ચિંતાનો પ્રશ્ન બન્યો છે. ત્યારે વધુ એક આગનો બનાવ સામે આવ્યો છે. ડીસામાં હિંગળાજ મંદિરની સામે આવેલી રીલીફ પેથોલોજી લેબોરેટરીમાં બેટરી બ્લાસ્ટ થતાં લાગી આગ લાગી હતી. લેબોરેટરીમાં ઈલેક્ટ્રીક ટુ વ્હીલરની બેટરી મૂકી હતી જે અચાનક બ્લાસ્ટ થઈ હતી. આગ લાગતા લેબોરેટરીમાં નુકસાન થયું છે. જોકે સદનસીબે કોઈ જાનહાની થઈ નથી.

ડીસા હાઈવે પર હિંગળાજ માતાના મંદિરની સામે આવેલ ડોક્ટર અંકિત કેલાની હોસ્પિટલ નીચે આવેલી રીલીફ પ ેથોલોજી લેબોરેટરીમાં અચાનક આગ લાગી હતી. લેબોરેટરીમાં ચાર્જિંગમાં મૂકવામાં આવેલી ઈલેક્ટ્રિકલ ટુ-વ્હીલર ની બેટરીમાં બ્લાસ્ટ થતા આગ લાગી હતી. આગ લાગતા ધુમાડાના ગોટે ગોટા સર્જાતા અંદર રહેલા સ્ટાફના એક વ્યક્તિએ ગુમાબૂમ કરતા તેને ઈમર્જન્સી વિન્ડોમાંથી બહાર કાઢવામાં આવ્યો હતો. જોકે બ્લાસ્ટના કારણે આગ લાગતા લેબોરેટરીને મોટું નુકસાન થયું હતું. સવારનો સમય હોવાથી દર્દીઓની સંખ્યા નહીવત હોવાથી સદનસીબે મોટી જાનહાની ટળી હતી. આ અંગે લેબોરેટરી સંચાલક ચંદુસિંહ વાઘેલાએ જણાવ્યું હતું કે, અંદર ચાર્જિંગમાં મૂકવામાં આવેલી ઈલેક્ટ્રિકલ વ્હીકલની બેટરીમાં બ્લાસ્ટ થવાના કારણે આગ લાગી હતી બેટરી ખામીયુક્ત હોવાની અગાઉ પણ કંપનીને જાણ કરી હતી. અચાનક એક બાદ એક ધડાકા થતા સ્થાનિકોમાં ભયનો માહોલ ફેલાયો હતો.

**કામદારો ગંભીર રીતે દાઝ્યા**

## કેમિકલના ગોડાઉનમાં આગ લાગતા અફરાતફરી મચી

### ફાયરે પાંચ કામદારોને સુરક્ષિત બહાર કાઢ્યા : આ અકસ્માતમાં કામદારો ગંભીર રીતે દાઝી ગયા છે

। (એજન્સી) સુરત,તા.૨૬ ।

સુરતમાં વધુ એક આગનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. સુરત શહેરના સરથાણા સીમાડા વિસ્તારમાં આવેલા એક કેમિકલના ગોડાઉનમાં સવારે ભીષણ આગ ફાટી નીકળી હતી. વાલમનગરમાં આવેલા આ ગોડાઉનમાં આગ લાગતા આસપાસના વિસ્તારમાં અફરાતફરી મચી ગઈ હતી. ફાયરના કાફલાએ ઘટના સ્થળે દોડી રેસ્ક્યુ કામગીરી હાથ ધરી હતી. ફાયરે ૫ કામદારોને સુરક્ષિત બહાર કાઢ્યા હોવાની પ્રાથમિક વિગતો જાણવા મળી છે. આ અકસ્માતમાં કામદારો ગંભીર રીતે દાઝી ગયા છે. ડાયમંડ સિટી સુરતમાં વધુ એક ભયંકર આગની ઘટના સામે આવી છે. શહેરના પુણા સીમાડા વિસ્તારમાં આવેલો વાલમનગર વિસ્તાર સવારે આગના ધૂમાડાથી ઘેરાઈ ગયો હતો. અહીં એક કેમિકલના ગોડાઉનમાં આગ લાગી હતી. ગોડાઉનમાં કેમિકલ હતું જેનાં કારણે આગે ગણતરીની મિનિટોમાં ભયાનક સ્વરૂપ ધારણ કર્યું હતું. ગોડાઉનની અંદર કામ કરતા કામદારો ફસાઈ ગયા હતા. બીજી તરફ આગની જ્વાળાઓ ઉઠવા લાગતા અફરાતફરી મચી ગઈ હતી. આસપાસના મકાનો ખાલી થઈ ગયા હતા. સ્થાનિકો બનાવ સ્થળે દોડી આવ્યા હતા. લોકોએ આગ ઓલવવા પ્રયાસ શરૂ કર્યો હતો. પરંતુ કેમિકલ સળગતું હોવાના લીધે નિષ્ફળતા મળી હતી. ફાયર વિભાગની ટીમને ઘટનાની જાણ થતા જ સ્થળ પર પહોચી ભારે જહેમત બાદ આગ પર કાબૂ મેળવ્યો હતો. પરંતુ આ ઘટનામાં ૧ કામદારનું મૃત્યુ થયું છે.

**મણિનગર પોલીસ મથકમાં પુજારી સામે મહિલાએ ફરિયાદ નોંધાવી**

## પુજારીએ મહિલાને બિભત્સ મેસેજ કર્યા, પતિએ પુજારીની પૃચ્છા કરતા ફટકાર્યો

### શહેરના મણિનગર વિસ્તારમાં આવેલ હનુમાનજી મંદિરમાં મહિલા વારંવાર જતી હોવાથી પુજારીના સંપર્કમાં આવી હતી

। (એજન્સી) અમદાવાદ, તા.૨૬ ।

શહેરના મણિનગર વિસ્તારમાં આવેલ હનુમાનજી મંદિરમાં મહિલા વારંવાર જતી હોવાથી પુજારીના સંપર્કમાં આવી હતી. ત્યારબાદ પુજારી ઘરે આવતો હતો આ દરમિયાન પુજારી મહિલાની દીકરીને મેસેજ કરવા લાગ્યો હતો. જેથી મહિલાએ તેની દીકરીનું સીમ દીકરાને આપી દીધુ હતુ. જેથી ઉશ્કેરાયેલ પુજારીએ મહિલાને બિભત્સ મેસેજ કર્યા હતા. આ અંગે મહિલાના પતિને જાણ થતા તેને પુજારીની પૃચ્છા કરી હતી. ત્યારે પુજારી ઉશ્કેરાઈ ગયો હતો અને પતિને માર માર્યો હતો. આ મામલે મહિલાએ પુજારી સામે મણિનગર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ આદરી છે. શહેરના મણિનગર વિસ્તારમાં સ્નેહાબહેન (ઓળખ છુપાવા નામ બદલ્યું ) પરિવાર સાથે રહે છે. મણીનગર વિસ્તારમાં કાંકરિયા લેકના ગેટ પાસે દાદુ દયાલ ધામ નામનું એક હનુમાનજી મંદિર આવેલ છે. તે મંદિરમાં મનોજ કનૈયાલાલ ખલાસ રહે છે અને મંદિરમાં પુજા પાઠનું કામ કરે છે. જેથી સ્નેહાબહેન તેમને ઓળખતા હતા. મંદિરમાં અવાર નવાર સ્નેહાબહેન જતા હોવાથી તેમનો સંપર્ક મનોજ સાથે થયો હતો. સ્નેહાબહેન મનોજને ભાઈ તરીકે માનતા હતા અને તેથી તેઓ તેની સાથે વાત કરતા હતા અને મનોજ તેમના ઘરે પણ આવ જાવ કરતો હતો. આ દરમિયાન મનોજ સ્નેહાબહેનની દીકરીને મેસેજ કરવા લાગ્યો હતો. જેથી તેમણે દીકરીનું કાર્ડ બંધ કરાવી દઈ તે સીમ કાર્ડ તેમના દીકરાના મોબાઈલમાં નંખાવી દીધુ હતું.આમ છતા મનોજ અવાર નવાર મેસેજ કરતો હતો. પરંતુ તેના દીકરા પાસે મોબાઈલ હોવાથી તે કોઈ જ રિપ્લાય કરતો ન હતો. જેથી મનોજે સ્નેહાબહેનને ફોન કરી જણાવ્યું હતું કે, મોનાને પિઝા ખાવા મોકલો જો કે, તેમણે દીકરીને મોકલી ન હતી. જેથી મનોજ ઉશ્કેરાયો હતો અને સ્નેહાબહેના મોબાઈલમાં બિભત્સ મેસેજ તેમજ વોઈસ મેસેજજ કરવા લાગ્યો હતો. જેથી તેમણે તેનનો નંબર બ્લેક લીસ્ટમાં મુકી દીધો હતો. આ તમામ હકીકત સ્નેહાબહેન તેમના પતિને જણાવી હતી. આજે સવારે સ્નેહાબહેનના પતિ સવારે કાંકરિયા મોર્નિંગ વોક માટે ગયા હતા. ત્યારે મનોજ પણ મળ્યો હતો ત્યારે તેમણે મનોજને પૃચ્છા કરી હતી કે, કેમ બિભત્સ મેસેજ કરતો હતો. ત્યારે મનોજે જણાવ્યું હતું કે, મે કોઈ મેસેજ કર્યા નથી. ત્યારબાદ તે ઝઘડો કરવા લાગ્યો હતો.

**રાજ્ય સરકારે જન્મ-મરણ અંગે એડવાઇઝરી જાહેર કરી**

## નોંધણી રજીસ્ટ્રાર નામમાં ફેરફાર બાબતે ઉર્ફે શબ્દનો ઉપયોગ કરી શકાશે

### હવે જન્મ-મરણ પ્રમાણપત્રોને લગતી મોટી જંજટ દૂર થઈ

। (એજન્સી) ગાંધીનગર , તા.૨૬ ।

ભારતીય સાક્ષ્ય અધિનિયમ ૨૦૨૩ ની કલમ ૩૬ અનુસાર, જન્મ અને મરણના રજીસ્ટરમાં કરાવેલી નોંધ અનેક કામગીરીઓ માટે મહત્ત્વનો પૂરાવો છે. જેમાં જન્મ કે મરણ સર્ટિફિકેટમાં નોંધાયેલા નામમાં સુધારો કરવા બાબતે કેન્દ્ર સરકારના ગૃહમંત્રાલયે ૩૦ જૂન ૨૦૧૫માં જાહેરનામું બહાર પાડ્યું હતું, ત્યારબાદ ૨૫ સપ્ટેમ્બર ગુજરાત આરોગ્ય સચિવ અને કમિશનર દ્વારા આ બાબતે જાહેરનામું રજૂ કરાયું છે. જે મુજબ નોંધણી રજીસ્ટ્રાર નામમાં ફેરફાર બાબતે ઉર્ફે શબ્દનો ઉપયોગ કરી શકાશે. રાજ્ય સરકારે જન્મ-મરણ અંગે કેન્દ્ર સરકારની એડવાઈઝરીને માન્ય રાખી હતી, પરંતુ તેમાં ઘણાં પેટા નિયમો અને ઘણી બાબતો બાકી હોવાનું ધ્યાને આવ્યું હતું. જેનો ઉમેરો કરીને નાગરિકોની મુશ્કેલીને હળવી બનાવવા માટે રાજ્ય સરકાર દ્વારા નવું જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. જાહેરનામા મુજબ જન્મ અને મરણના પ્રમાણપત્રમાં બંને નામ લખવાના રહેશે, પરંતુ બે નામનો સ્વીકાર ન હોય તો રજીસ્ટ્રાર પાસે પૂરાવા સાથે અરજી કરવાની રહેશે. રજીસ્ટ્રારે સુધારાની સત્યતા ચકાસીને બંન્ને નામો નોંધમાં લેવાના રહેશે. રજીસ્ટ્રારે કયાં સુધારા કરવા માટે અરજી કરી છે અને અરજીના સમર્થનમાં ફોટાવાળા અન્ય ઓળખપત્રો ધ્યાને લેવાના રહેશે. રજીસ્ટ્રાર સત્યતાની ખાત્રી કરીને ઉર્ફે શબ્દનો ઉપયોગ કરી શકે છે. અરજદાર તે ન સ્વીકારે તો સત્યતાની ખાત્રી બાદ થતાં ફેરફાર મુજબ જન્મના રજીસ્ટરની કોલમમાં બન્ને નામના સુધારા અને તારીખ સાથે ઉલ્લેખ કરવાનો રહેશે. અત્યંત મહત્ત્વનો પૂરાવો હોવાથી જન્મ કે મરણ નોંધમાં કોઈ મહત્ત્વની વિગત ભૂલ ભરેલી કે કપટયુક્ત જણાય તો પૂરાવાની ચકાસણી બાદ સંપૂર્ણ ખાત્રી ન થાય ત્યાં સુધી ફેરફારની મંજૂરી આપવી નહીં. કારકૂની ભૂલ જાહેરનામા અને કાયદા મૂજબ સુધારવાની રહે છે. કારકૂની ભૂલ નહીં હોવાના કારણ માત્રથી અરજદારની અરજીને નકારી શકાશે નહીં. અગાઉ ૧૨ ઓગસ્ટ ૨૦૧૯ અને ૧૮ ફેબ્રુઆરી ૨૦૧૬ ના સંબંધિત જાહેરનામું તારીખ ૨ ડિસેમ્બર ૨૦૨૧ ના રોજ રદ કરાયેલું છે.

**વડોદરામાં વરસાદના લીધે તબાહી !!**

## વાવાઝોડાને કારણે વડોદરાના વિવિધ વિસ્તારોમાં ૩૦૦થી વધુ વૃક્ષો ધરાશાયી

### ઝાડ નીચે દબાઈ જવાથી પીપળી ગામના આધેડનું મોત

। (એજન્સી) વડોદરા, તા.૨૬ ।


વડોદરા શહેરમાં ૧૧૦ કિ.મી.ની ઝડપે ફૂંકાયેલા વાવાઝોડાએ ભારે તબાહી મચાવી છે. આ વાવાઝોડાને કારણે શહેરના વિવિધ વિસ્તારોમાં ૩૦૦થી વધુ વૃક્ષો ધરાશાયી છે. જેના કારણે ૫૦થી વધુ વાહનો દબાયા છે. ફાયર વિભાગની ટીમ ગઈકાલ સાંજથી રસ્તા પ ડી ગયેલા ઝાડને હટાવવાની કામગીરી હાથ ધરી છે.

વડોદરા શહેરની સાથે જિલ્લાના અનેક વિસ્તારમાં પણ ભારે વરસાદે તારાજી સર્જી છે. ઝાડ નીચે દબાઈ જવાથી પ ાદરા તાલુકાના પીપળી ગામના કિરણસિંહ રાઠોડનું મૃત્યું નિપ જ્યું છે. ૫૦ વર્ષીય કિરણસિંહ પાદરાથી પોતાનું બાઈક લઈને પોતાના ઘેરે જઈ રહ્યા હતા. આ દરમિયાન રસ્તામાં નીલગીરીનું ઝાડ તેમના ઉપર પડતાં માથામાં ગંભીર ઈજા થતા તેમનું મૃત્યુ નિપજ્યું હતું.

વડોદરામાં વાવાઝોડા સાથે તૂટી પડેલા ધોધમાર વરસાદના કારણે ઠેર-ઠેર વૃક્ષો ધરાશાયી થવાની સાથે પશુઓ દબાયાની પણ ઘટનાઓ બની. ગાજરાવાડી વિસ્તારમાં વૃક્ષો નીચે ઘોડા દબાતા હતા જેમનું ફાયર વિભાગની ટીમે રેસ્ક્યુ કર્યું હતું. જ્યારે કિશનવાડી વિસ્તારમાં એક મકાન નજીક બકરાં દબાતા તેનું પણ રેસ્ક્યુ કરાયું હતું. ઉલ્લેખનીય છે કે વૃક્ષા હટાવવાની કામગીરી દરમિયાન એક દૂર્ઘટના ઘટી. વાઘોડિયા રોડ પર વીજ પ ુરવઠો ચાલુ રહી જતા પાણીગઢ પારસ સ્ટેશનના શામળભાઈ નામના ફાયરકર્મીને વીજ કરંટ લાગ્યો. જેના કારણે હાથમાં ઈજા પહોંચી હતી.

**શેર માર્કેટની ટીપ્સના વોટ્સએપ ગ્રૂપમાં એડ થવું યુવકને મોંઘુ પડ્યું**

## શેરબજારની ટીપ્સના ગ્રૂપમાં એડ થયા બાદ યુવક સાથે ૨.૭૫ લાખની ઠગાઈ




। (એજન્સી) અમદાવાદ, તા.૨૬ ।

ગોમતીપુરમાં રહેતા યુવકને વોટસએપ ગ્રૂપમાં સ્ટોક માર્કેટમાં પ્રોફિટ અપાવવાની લાલચ આપીને મેમ્બર બનાવી શરૂઆતમાં નફો કરાવ્યા બાદ રૂ. ૨.૭૫ લાખનું રોકાણ કરાવી છેતરપિં ડી આચરવામાં આવી હતી. આ અંગે ગોમતીપુર પોલીસ સ્ટેશનમાં વોટસઅપ ગ્રૂપના મેન્ટર જ્ઞાન શર્મા અને અન્ય અજાણ્યા ચાર વ્યક્તિ મળી કુલ પાંચ સામે વિશ્વાસઘાતની ફરિયાદ નોંધાવાઈ છે. ગોમતીપ ુરમાં રહેતા રાહુલભાઈ ખુમાણ સેટેલાઈટમાં આવેલી ખાનગી કંપનીમાં એકાઉન્ટ્સને લગતુ કામકાજ કરે છે. ગત ૨૨ જુલાઈએ તેમના વોટસએપ નંબર પર કોઈ અજાણ્યા વ્યક્તિએ સ્ટોક માર્કેટ પ્રોફાઈલ સ્ટ્રેટેજીસ એ-૧૬માં લીંક મારફતે એડ કરી દીધા હતા. આ ગ્રૂપના મેન્ટર તરીકે જ્ઞાન વર્મા હોવાનું જણાવ્યું હતું અને તેઓ શેરબજારની ટ્રેડિંગની માહિતી આપતા હતા. જે ટિપ્સ મુજબ શરૂઆતમાં રાહુલભાઈએ તેમને ડિમેટ એકાઉન્ટમાં ટ્રેડિંગ કરતા તેમને નફો થયો હતો. આ ગ્રૂપ પર વિશ્વાસ બેસતા ગ્રૂપની એપ્લિકેશનની લીંકને ફોલો કરતા તેમની તમામ વિગતો માગતા તેમણે સબમિટ કરી હતી. ત્યારબાદ તેમને મીનીમમ રૂ. ૫૦ હજારનું ટ્રાન્જેકશન કરવાનું કહેવાતા તેમણે તે મુજબ કર્યું હતું.







માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨